

સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૨૩

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

**અમેરિકાની ધરતી પર**
**સોળે શણગાર સજીને સજ્જ થયું છે**
**સનાતન હિન્દુ ધર્મ અને**
**સ્વામિનારાયણીય અસ્મિતાનો જયનાદ કરતું મહામંદિર**

## સ્વામિનારાયણ અક્ષરધામ







પશ્ચિમી દુનિયામાં અમેરિકાની ધરતી પર સનાતન સંસ્કૃતિની ગૌરવધજા ફરકાવતા મહામંદિર 'સ્વામિનારાયણ અક્ષરધામ'નાં ગગનચુંબી શિખરો પર લહેરાનાર ધ્વજા અને ધજાંદડનો વેદોક્ત પૂજનવિધિ કરતા ગુરુહરિ મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતો... (તા. ૧૩-૯-૨૦૨૩)

# સંપાદકીય: સ્વામિનારાયણીય અસ્મિતાનાં નૂર

## ક્રમિકા


૩. સંપાદકીય

૪. અમેરિકાની ધરતી પર અક્ષરધામનો અસ્મિતા કળશ

૬. સ્વામિનારાયણીય અસ્મિતાના અમૃત કળશ

૧૧. રોબિન્સવિલ ખાતે યોજાયો સ્વામિનારાયણ અક્ષરધામ મહામંદિરના કળશપૂજનનો ઐતિહાસિક અવસર

૧૪. રોબિન્સવિલ ખાતે ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ૯૦મી જન્મજયંતીની ઉજવણી

૧૮. યુ.કે.ના વડાપ્રધાનશ્રી અને તેમનાં ધર્મપત્નીએ દિલ્હીમાં અક્ષરધામમાં શ્રીહરિને અર્પી ભાવાંજલિ...

૨૦. જોહાનિસબર્ગમાં નિર્માણાધીન મંદિરના નિર્માણને ભારતના વડાપ્રધાનશ્રીએ બિરદાવ્યું...

૨૧. પૂર્વ આફ્રિકામાં કેન્યાના સોટિક શહેરમાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૨૨. કેનેડાના કેલગરી શહેરમાં નૂતન મંદિરમાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૨૪. ઓસ્ટ્રેલિયાના ટાઉન્સવિલ શહેર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૨૫. બોટાદમાં શ્રી પ્રમુખસ્વામી નગર ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૨૬. ભરૂચમાં પૂરગ્રસ્તોની વહારે બી.એ.પી.એસ.ના સંતો-સ્વયંસેવકો

૨૭. રાજકોટ મંદિરના રજતજયંતી પર્વે યોજાઈ મંદિર-દર્શન યાત્રા શિબિર

૨૮. સારંગપુરમાં તબીબી વિદ્યાર્થીઓની યોજાઈ મેડિકો સ્પિરિચ્યુઅલ કોન્ફરન્સ

૩૦. સત્સંગ શિક્ષણ પરીક્ષા પરિણામ


૧૯મી સદીના આરંભે વડોદરાના ગાયકવાડી સેનાપતિ બાબાજીનો ત્રાસ ગુજરાતભરમાં સૌને થરથર કંપાવતો હતો. 'બાબાજીનું કટક' આવ્યું એમ ભણક પડે કે ભલભલાનાં ગાત્ર ધ્રૂજવા માંડે ને હરણાંની ગતિએ પગ દોડવા માંડે. એમાંય બાબાજીને ભગવાન સ્વામિનારાયણ ને સ્વામિનારાયણીય ભક્તો માટે તો ભારે દ્વેષ. એટલે પોતાની ક્રૂરતાની બધી જ જ્વાળાઓ સ્વામિનારાયણના નામ ઉપર લબકારા મારતી.

ગ્રીષ્મ ઋતુના એક દિવસની વાત. ધોમધખતા તાપે બપોરને તપાવી તપાવીને લાલચોળ કરી મૂકી હતી, એવા ટાણે બે ઘોડેસવારે ઝાલાવાડના કુકડા ગામને પાદરે હાક પાડી : 'લીમલી ગામની દિશા કઈ ?'

ગામને ગોંદરેથી હાલ્યો જતો એક વાણિયો હાક સાંભળીને ઊભો રહ્યો. 'પણ તમે કોણ ? આ મારગે તમારા જેવા અસવાર પહેલી વાર દીઠા! બીજા દેશના લાગો છો! અને લીમલી કોના ઘરે જાવું છે ?'

'અમે તો બાબાજીના મોસલ છીએ અને લીમલીના સ્વામિનારાયણિયા મૂળજી શેઠનાં નાક-કાન કાપવા નીકળ્યા છીએ, બાબાજીનો આદેશ છે.'

સાંભળીને વાણિયાના હૈયે સિસકારો ઊઠ્યો, પણ વાણિયાનો દીકરો, એવું કળાવા દે તો એનું કુળ લાજે ને! જીભે મધ લાવીને એણે હેતથી કહ્યું, 'ભાઈ, આ તો અમારો ઝાલાવાડ કહેવાય, રસ્તો બતાવું, પણ મારે ઘેર છાશ પીધા સિવાય જવા દઉં તો મારી ભોમકા લાજે હોં. પહેલાં હાલો મારે ઘેર, પછી ન્યાં જાજો...'

બળબળતા ઉનાળે છાશું પીને બોંતેર કોઠા ટાઢા કરવા એ બેય મોસલ એ અજાણ્યા વાણિયાને ઘરે ખાટલા ઢાળી આડા પડ્યા, અને બીજી તરફ મારતે ઘોડે એ વાણિયો લીમલી પહોંચ્યો - મૂળજી શેઠના ઘરે.

'શેઠ, કાં ભાગી જાઓ, કાં સ્વામિનારાયણની કંઠી તોડી નાંખો. બાબાજીના માણસો નાક-કાન કાપવા આવે છે. માંડ માંડ મારે ઘરે છાશું પીવાના બહાને બેહાડી રાખ્યા છે...' વાણિયો એક શ્વાસે બોલી ગયો.

એ સાંભળતાં બીજા કેટલાક થરથરી ગયા. પણ મૂળજી શેઠ તો બરફની પાટ માથે મેલી હોય એવા ટાઢા હૈયે બેસી રહ્યા. કોઈકે પૂછ્યું : 'શેઠ જલદી કરો, કંઠી તોડવી નથી કે પછી ભાગી જાવું છે ?' શેઠ હસી પડ્યા. એમણે કહ્યું : 'કેટલાક માણસો અવળાં કામ કરે છે એટલે એનાં નાક-કાન કપાય છે, પણ આપણે ક્યાં એવાં અવળાં કરમ કર્યાં છે ? આપણે તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણનો આશ્રય કર્યો છે, અને ઈ આશ્રય કરવા બદલ આપણાં નાક-કાન કપાશે તે ભગવાનને અર્થે કપાયાં એમ લેખાશે. આપણાં એવાં ભાગ્ય ક્યાંથી કે પ્રગટ ભગવાન સ્વામિનારાયણ કાજે આપણાં નાક-કાન કપાય! મને તો એનું ગૌરવ છે. ભલે આવતાં બાબાજીના મોસલ...'

વિચારવાનો વખત પૂરતો હતો, પણ મૂળજી શેઠ એકના બે ન થયા. ત્યાં તો મોસલ આવી પૂગ્યા. પણ મૂળજી શેઠને મળતાં જ, એમની સમજણથી ખૂબ પ્રભાવિત થયા, એમને 'ગુરુ' કહીને ત્યાંથી એમ ને એમ નીકળી ગયા.

સ્વામિનારાયણી અસ્મિતાનું એ ઝળહળતું નૂર હતું. આવાં એક-બે નહીં સેંકડો સેંકડો પાસાંઓમાં સ્વામિનારાયણીય અસ્મિતાનાં અજવાળાં ફેલાયાં છે. બસ્સો બસ્સો વર્ષોથી સ્વામિનારાયણીય અસ્મિતાનાં નૂર આજે બી.એ.પી.એસ. સ્વામિનારાયણી સંસ્થાની ફરફરતી ધજા સાથે જગભરમાં ફેલાયાં છે. એ અસ્મિતા સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ સનાતન હિન્દુ ધર્મના સાંસ્કૃતિક ઇતિહાસમાં અજોડ ગણાય એવાં કેટલાંય પ્રદાનો કર્યાં છે. યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં અમેરિકાની ધરતી પર સનાતન હિન્દુ ધર્મની ગૌરવ ધજા ફરકાવતું અક્ષરધામ તેનું એક અનુપમ ઉદાહરણ છે. આવો, એ અસ્મિતાનાં નૂરને માણીએ અને ગૌરવ અનુભવીએ... ◆

---

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૫, અંક : ૧૦-૧૧,**
**ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૨૩**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

લેખો અંગે પત્રવ્યવહાર:
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

લવાજમ અંગે પત્રવ્યવહાર:
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**



**અમેરિકાની ધરતી પર સોળે શણગાર સજીને સજ્જ થયું છે**

**સનાતન હિન્દુ ધર્મ અને સ્વામિનારાયણીય અસ્મિતાનો જયનાદ કરતું મહામંદિર**

# સ્વામિનારાયણ અક્ષરધામ



ભોગ અને વૈભવની ભૂમિ અમેરિકા, વિશ્વના અનેક નવા નવા વિક્રમો સ્થાપવા માટે છેલ્લી એક સદીથી પંકાયેલું છે. વિજ્ઞાન, ટેક્નોલોજી અને સમૃદ્ધિની હોડમાં જગતને ચકાચૌંધ કરતું અમેરિકા એક નવો કીર્તિમાન સ્થાપવા જઈ રહ્યું છે. એ છે – ભારત બહાર છેલ્લાં આઠસો વર્ષમાં બનેલું વિશ્વનું સૌથી મોટું હિન્દુ મંદિર.

**સ્વામિનારાયણ અક્ષરધામ.**

સનાતન આધ્યાત્મિક મૂલ્યોનું પરમ પ્રેરણાધામ.

ન્યૂયોર્કના જગવિખ્યાત જ્હોન એફ કેનેડી એરપોર્ટથી માત્ર સવા કલાકના અંતરે આવેલું સ્વામિનારાયણ અક્ષરધામ અમેરિકાની સ્કાયલાઇનમાં એક નવી આઇકોનિક અજાયબી બનીને સનાતન હિન્દુ ધર્મની ગૌરવધજા ફરકાવી રહ્યું છે.

પરબ્રહ્મ શ્રી પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણે ભાવાંજલિ અર્પતું આ અક્ષરધામ મહામંદિર આવનારાં એક હજાર કરતાં વધારે વર્ષો સુધી અમેરિકામાં ઊછરતી ભારતીયોની કે સ્થાનિક અમેરિકનોની પેઢીઓને સનાતન ધર્મની અસ્મિતાનાં અમૃત પાતું રહેશે.

વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અઢી દાયકા પહેલાં સંકલ્પ કર્યો હતો કે અમેરિકાની ધરતી પર એવું અક્ષરધામ મહામંદિર રચવું છે, જે સમસ્ત માનવજાતને પવિત્ર મૂલ્યોની પ્રેરણા આપતું રહે.

માત્ર સંકલ્પ નહીં, પરંતુ તે માટે તેમણે અથાક પુરુષાર્થ પણ કર્યો. જમીન શોધવાથી લઈને અક્ષરધામના પથ્થરની પસંદગી અને તેની ડિઝાઇન સુધીના અનેક વિષયો પર તેઓની પ્રેરણાની મહોર વાગી હતી. તેમના અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં આ અક્ષરધામ હવે સોળે શણગાર સજીને સનાતન ધર્મનો અને સ્વામિનારાયણીય અસ્મિતાનો એક નવો ઇતિહાસ લખવા સજ્જ થઈ ગયું છે. ભગવાન સ્વામિનારાયણના દિવ્ય પરબ્રહ્મપણાની પ્રતીતિ કરાવતા ચમત્કારો સમયે સમયે સૌ કોઈ અનુભવે છે. ચાહે એ ચમત્કાર લોકસેવાના વિરાટ અધ્યાયનો હોય, ચાહે જીવનપરિવર્તન અને વ્યસનમુક્તિના વૈશ્વિક રેકોર્ડ રચવાનો હોય, ચાહે બાળ-યુવા સંસ્કારની જ્યોત જગાવવાનો હોય કે ૮૦,૦૦૦થી વધુ સ્વયંસેવકો દ્વારા ભવ્ય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ઉજવણીનો હોય, પ્રત્યેક પાસામાં સ્વામિનારાયણીય અસ્મિતાનાં નૂર ઝળહળે છે.

'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક આપના હાથમાં આવશે ત્યાં સુધીમાં અમેરિકાના ગગનમાં અક્ષરધામનો જયજયકાર થઈ ચૂક્યો હશે. આગામી અંકમાં તેની વધુ વિગતો માણીશું. આ અંકમાં સ્વામિનારાયણીય અસ્મિતાનો રણકાર અલગ અંદાજમાં માણીએ...

**"અમેરિકામાં આ અક્ષરધામ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સંકલ્પે હજારો સ્વયંસેવકોની સેવાથી તૈયાર થયું છે. તેના ડંકા આવનારા અનેક દર્શનાર્થીઓના હૃદયમાં અનુભવાશે."**

**– મહંત સ્વામી મહારાજ**



■ સાધુ વિવેકસાગરદાસ
■ સાધુ આદર્શજીવનદાસ

# સ્વામિનારાયણીય અસ્મિતાના અમૃત કળશ

સ્વામિનારાયણ સંપ્રદાયનો ઇતિહાસ અને વારસો કોઈપણ આસ્થાવાન કે તટસ્થ વ્યક્તિને અસ્મિતા અને ગૌરવથી છલકાવી દે એવો ભવ્ય, પ્રાણવાન અને ચેતનવંતો છે. સ્વામિનારાયણ સંપ્રદાયને સાચા અર્થમાં સમજવો હોય તો એ ગૌરવવંતાં પાનાંઓમાં એક નજર કરવી પડે. છેલ્લાં બસ્સો કરતાં વધુ વર્ષોથી લાખો લોકો જેમને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તરીકે આરાધીને જીવનની પરમ તૃપ્તિ અને મુક્તિ અનુભવે છે એ ભગવાન સ્વામિનારાયણનો કેવો દિવ્ય પ્રભાવ હશે કે આજે બસ્સો વર્ષ પછી પણ એમની પ્રગટપણાની અનુભૂતિ અનુભવાય છે.

એમણે સ્થાપેલા સ્વામિનારાયણ સંપ્રદાયની અસ્મિતાના અમૃત કળશનું પંચામૃત એટલે -

એક તો ભગવાન સ્વામિનારાયણ સ્વયં. બીજું, આ સંપ્રદાયનાં શાસ્ત્રોમાં સંપ્રદાયનું તેજ ઝળકે છે. ત્રીજું, આ સંપ્રદાયના ભક્તો-પરમહંસોમાં સંપ્રદાયનું નૂર નીતરે છે. ચોથું, સંપ્રદાયનાં મંદિરોમાં સંપ્રદાય દર્શાય છે. પાંચમું, સ્વામિનારાયણ સંપ્રદાય એટલે તેની નીતિ-રીતિ અને પ્રાણવાન પરંપરા.

આ પંચામૃતનું પાન જેટલું થાય તેટલી સ્વામિનારાયણીય અસ્મિતાની સાચી અનુભૂતિ થાય.

સ્વામિનારાયણીય અસ્મિતાનો પ્રથમ અમૃત કળશ એટલે સ્વયં ભગવાન સ્વામિનારાયણ.

ભગવાન સ્વામિનારાયણ વિશે અહોભાવ વ્યક્ત કરતાં વિખ્યાત ગાંધીવાદી ચિંતક શ્રી કિશોરલાલ મશરૂવાલા લખે છે:

‘જે સમયે ગુજરાત-કાઠિયાવાડમાં અંધકાર છવાઈ રહ્યો હતો, તે વખતે પોતાના પ્રકાશથી અનેકનાં હૃદયોને પ્રકાશ પમાડનાર; અનેકનાં ચિત્તનું આકર્ષણ કરી તેમને ગુરુવચને ચૂરેચૂરા થઈ જાય એવા સ્વવશ કરી મૂકનાર; અનેકની ચૌર્યવૃત્તિઓને ચોરી લેનાર; લુપ્ત થયેલા બ્રહ્મચર્યાશ્રમને પુનઃ સ્થાપનાર; નિરંકુશ અને સ્વચ્છંદી બનેલા ત્યાગાશ્રમને ઉજ્જ્વલ કરનાર; અહિંદુને હિન્દુ ધર્મમાં શામિલ કરનાર;

શૂદ્રોને આચારશુદ્ધિ શીખવનાર; સાહિત્ય, સંગીત તથા કળાના પોષક; અહિંસામય યજ્ઞના પ્રવર્તક; ક્ષમાધર્મના ઉપદેશક; શૌચ અને સદાચારના સંસ્થાપક; શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના ચાલક; ભાગવત ધર્મના શિક્ષક તથા વ્યાસસિદ્ધાંતના બોધક એવા શ્રી સહજાનંદ સ્વામી હતા... પોતાના કાળના પ્રસિદ્ધ પુરુષોમાં સહજાનંદ સ્વામી સૌથી મહાન હતા. જો અવતારો પૃથ્વી ઉપર થતા હોય તો તેમને અવતાર સંજ્ઞા બેશક અપાય.'

કવિવર ન્હાનાલાલે ૧૯મી સદીમાં ભારતમાં પ્રગટેલા ધર્માચાર્યોની સંતુલિત સમીક્ષા કરતાં કહ્યું છે :

'૧૯મી સદીમાં ભારતવર્ષે ચાર મહાન ધર્માચાર્યો પ્રગટ્યા. સહજાનંદ સ્વામી પછી ઈ.સ. ૧૮૩૦માં રામમોહનરાયે બ્રહ્મસમાજ સ્થાપ્યો. ઈ.સ. ૧૮૦૫-૬૦માં રામકૃષ્ણ પરમહંસ થયા અને ઈ.સ. ૧૮૭૫માં દયાનંદ સરસ્વતી થયા. આ ચારેમાં સર્વથી અધિક વિજયસિદ્ધિ કોણ સાધી ગયા? ઈતિહાસના અક્ષરો ચોખ્ખા અને ઉઘાડા છે. દોડતાંય વંચાય એવા પ્રચંડ અને ભવ્ય છે. આબુ અને ગિરનારના પોતરાઓ જાણે હોય એવડાં શિખરબદ્ધ મંદિરો; જોબન વડતાલો, ગેંદાલ વાત્રકિયો અને દેશ-પરદેશ લૂંટ વાળી લાવતાં કાઠીઓના વનરાજો; એમના ધર્મધીંગ સંત-મહંતનાં પુણ્યસૃજન; વર્ષાની હેલી સમ અઢળક કીર્તનો; ભેખધારી પરમહંસો, ત્યાગ, વૈરાગ્ય, સદાચરણ, સંસારશુદ્ધિ - આ સૌ અનેક મુખે એક જ બોલ બોલે છે કે ૧૯મી સદીના ભારતના પરમ ધર્માચાર્ય હતા - સ્વામી સહજાનંદ. તેમના જીવનકાળમાંની એમની વિજયસિદ્ધિ હતી સર્વથી અધિક, અજોડ, અણમોલ.'

પ્રખ્યાત સાક્ષર શ્રી ચંદ્રવદન મહેતાએ ભગવાન સ્વામિનારાયણને આલેખતાં કહ્યું છે : 'છેવટે ગુજરાત, સહજાનંદજીને યાદ કરશે તે સંત તરીકે નહીં, ધર્માચાર્ય તરીકે નહીં, સાહિત્યપ્રેરક તરીકે નહીં... પણ એમણે જનતામાંથી માંસ, દારૂ, વ્યભિચાર, અસત્ય ને ચોરી - એ પાંચ મુખ્ય બદીઓ દૂર કરી તેને માટે; એમણે ગુજરાતના પશુ જેવા માણસોને માણસો બનાવ્યા તેટલા માટે. સહજાનંદ સ્વામી ન હોત તો આપણે ગુજરાતને 'ગરવી' કહીએ એવું ન હોત. ગુજરાતમાં જે સદાચાર છે તેને સ્થાને એ જોવું ન ગમે તેવું ગંદું હોત. આજે જે ગુજરાતનું નામ સાંભળી આપણું હૈયું ઊછળે છે, તેને બદલે સહજાનંદ સ્વામી ન હોત તો ગુજરાતનું નામ સાંભળતાં આપણે શરમના માર્યા નીચું જોવું પડત.'

ન કેવળ ગુજરાતીઓ જ, પરંતુ ભગવાન સ્વામિનારાયણનાં જીવન અને કાર્યથી પ્રભાવિત થઈ તે સમયના અંગ્રેજોએ પણ સ્વામિનારાયણ ભગવાનનાં ચરણોમાં પ્રશંસાનાં પુષ્પો વેર્યાં હતાં. તેની સુગંધ આજેય ભગવાન સ્વામિનારાયણનો પરિચય આપી સંપ્રદાયની અસ્મિતાથી અનેકને તરબતર કરી રહી છે.

ભગવાન સ્વામિનારાયણને મળેલા ખ્રિસ્તી ધર્મગુરુ બિશપ હેબર તેઓ સાથેનો પોતાનો અનુભવ ટાંકતાં રોજનીશીમાં ટપકાવે છે: 'How long a time elapses before any Christian teacher in India can hope to be thus loved and honoured!' - ભારતમાં કોઈ ખ્રિસ્તી પાદરી આવી રીતે (ભગવાન સ્વામિનારાયણની જેમ) પ્રીતિપાત્ર અને સન્માનનીય થવાની આશા રાખી શકે એ પહેલાં કેટલો લાંબો સમય પસાર કરવો પડશે!

અંગ્રેજ લેખક હેનરી જ્યોર્જ બ્રિગ્સ તેના પુસ્તક 'Cities of Gujrashtra'માં નોંધે છે : 'The present undisturbed state of the country compared to its condition previously will speak volumes for him.'

અર્થાત્ અગાઉની પરિસ્થિતિની સરખામણીમાં દેશનું હાલનું શાંત વાતાવરણ એમના માટે (ભગવાન સ્વામિનારાયણ માટે) ગ્રંથોના ગ્રંથો રચશે.

અન્ય એક અંગ્રેજ લેખક સ્ટીવન ફ્યૂક્સ પણ ભગવાન સ્વામિનારાયણ વિષે જણાવે છે કે 'The villages and districts which have received him and accepted his teachings soon became the best and most orderly in the province of Bombay.'

અર્થાત્ જે જિલ્લાઓ અને ગામોમાં તેઓ (ભગવાન સ્વામિનારાયણ) ફર્યા અને જ્યાં તેમના બોધનો સ્વીકાર થયો તે વિસ્તારો સત્વરે મુંબઈ પ્રાંતના શ્રેષ્ઠ અને સૌથી વધુ વ્યવસ્થિત શાંતિપૂર્ણ વિસ્તારો બની ગયા.

ઉપરોક્ત અવતરણો પરથી એક તારણ સ્પષ્ટ બંધાય છે કે ભગવાન સ્વામિનારાયણ એક અજોડ પ્રતિભા હતી. તેનું જેટલું જ્ઞાન થાય તેટલો સંપ્રદાયની અસ્મિતાનો પિંડ બંધાય.

આ ઉપરાંત, ભગવાન સ્વામિનારાયણે સ્વયં પોતાના સ્વભાવની જે વાતો કરી છે તે વાંચતાં પણ આપણું અંતર અસ્મિતાથી છલકાઈ જાય તેવું છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ-૧૩માં કહે છે : 'મારે સહજ સ્વભાવે એમ વર્તે છે જે, આ સંસારને વિશે જે અતિ રૂડો શબ્દ તથા અતિ રૂડો સ્પર્શ તથા અતિ રૂડો ગંધ તથા અતિ રૂડો રસ તથા અતિ રૂડું રૂપ એ જે પંચવિષય તેમાં હું મારા મનને બાંધવાને ઈચ્છું તોપણ નથી

બંધાતું ને એમાં અતિશય ઉદાસ રહે છે. અને એ જે સારા પંચવિષય તથા નરસા પંચવિષય તે બેય સમ વર્તે છે. અને રાજા તથા રંક તે પણ સમ વર્તે છે. અને ત્રિલોકીનું રાજ્ય કરવું તથા ઠીકરું લઈને માગી ખાવું તે પણ સમ વર્તે છે. અને હાથીને હોદ્દે બેસવું તથા પગપાળા ચાલવું તે પણ સમ વર્તે છે. અને કોઈક ચંદન તથા પુષ્પ તથા સારાં વસ્ત્ર તથા ઘરેણાં ચડાવે તથા ધૂળ નાંખે તે બેય પણ સમ વર્તે છે. અને કોઈક માન આપે તથા કોઈ અપમાન કરે તે બેય પણ સમ વર્તે છે. તથા સોનું, રૂપું, હીરો તથા કચરો તે બેય સમ વર્તે છે. અને આ હરિભક્ત બહુ મોટો છે ને આ હરિભક્ત નાનો છે એમ પણ નથી જણાતું, બધાય હરિભક્ત સરખા જણાય છે. અને મારા અંતઃકરણને વિષે અતિ તીવ્ર વૈરાગ્ય વર્તે છે તેનો પણ ભાર નથી જણાતો; જેમ કોઈકે માથે પાણો ઉપાડ્યો હોય તથા રૂપિયા ને સોનામહોરની વાંસળી કેડ્યે બાંધી હોય તેનો ભાર જણાય છે, તેમ ભાર નથી જણાતો. અને મારે વિષે સદ્ધર્મ છે તેનો પણ ભાર નથી જણાતો. તથા મારે વિષે જ્ઞાન છે જે, 'હું બ્રહ્મ છું,' તેનો પણ ભાર નથી જણાતો. અને આ જે હું ઉપર થકી કોઈક પદાર્થને વખાણું છું ને કોઈક પદાર્થને કુવખાણું છું તે તો જાણી જાણીને કરું છું. અને જે જે પદાર્થને વિષે ઇન્દ્રિયોની વૃત્તિને બળાત્કારે જોડું છું તે માંડ માંડ તે પદાર્થ સન્મુખ રહે છે અને જ્યારે ઢીલી મેલું છું ત્યારે તરત પાછી વળી આવે છે.'

સ્થિતપ્રજ્ઞતા, સમતા, મમતા, અનાસક્તિ, અહંશૂન્યતા જેવા કૈંક ગુણો ભગવાન સ્વામિનારાયણમાં ઉત્કૃષ્ટ કક્ષાએ પ્રકાશતા હતા, તે ઉપરોક્ત વિધાન પરથી સમજાય છે.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩માં તેઓ કહે છે : 'જે દિવસ થકી અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત કોઈ દિવસ જાગ્રતમાં અથવા સ્વપ્નમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો આ સમગ્ર પરમહંસના સમ છે. અને એવી રીતે અમે સદાય નિર્દોષપણે છીએ.' આવી તન-મનની અખંડિત સર્વશ્રેષ્ઠ પવિત્રતા ક્યાં મળે એવી છે?

વચનામૃત અમદાવાદ પ્રકરણ ૬ અને ૭માં તેઓ કહે છેઃ 'આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થયા છે. ને પોતે તો અવતારી છે ને એ જ સર્વેના અંતર્યામી છે.'

'...અમે એકલા જ તે સર્વ થકી પર એવું જે શ્રીપુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું...'

ભગવાન સ્વામિનારાયણે સ્વયં વર્ણવેલ પોતાના સ્વરૂપનો આવો મહિમા સંપ્રદાય પ્રત્યેની અસ્મિતા જન્માવે છે.

ભગવાન સ્વામિનારાયણના અપ્રતિમ મુદ્રાકર્ષણ વિષે કવિવર ન્હાનાલાલ કહે છેઃ 'વચનામૃતો, શિક્ષાપત્રી, સદ્ધર્મ પ્રણાલિકાઓ, કવિઓ, સદ્‌ગુરુઓ, ઉત્સવો, સમૈયા એ સકળ ધર્મસામગ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને સાગમટે સાંપડી એ સંપ્રદાયનાં ને દેશનાં ધન્યભાગ્ય. પણ એ સર્વ સંપત્તિઓ એક પલ્લામાં મુકાય ને બીજી એક સંપદ બીજા પલ્લામાં મુકાય તોય એ બીજા પલ્લાની દાંડી નમે, એવી એક મહાસંપદ સંપ્રદાયનાં બીજ રોપાતાં હતાં ત્યારે સંપ્રદાયમાં હતી. એ સંપત્તિ તે શ્રીજીનું મુદ્રા આકર્ષણ - Personal magnetism.'

ભગવાન સ્વામિનારાયણની દંતપંક્તિ એવી સુંદર હતી કે તેનાં દર્શનથી ચાર વેદના ભણેલા દિનમણિ શર્મા પરમહંસની દીક્ષા લઈ સદ્. નિત્યાનંદ સ્વામી બની ગયેલા.

ભગવાન સ્વામિનારાયણની ચાલ એવી દિવ્ય હતી કે તે જોઈને રાજકવિ ગજા ગઢવી પરમહંસદીક્ષા લઈ સદ્. પૂર્ણાનંદ સ્વામી બની ગયેલા.

તેઓનો વાંસો એવો સુંદર હતો કે તે જોઈને રોજીદ ગામનો એક કણબી સંસાર છોડી મધુસૂદનદાસ નામે ત્યાગી થઈ ગયેલો.

કવિ કાલિદાસે લખ્યું છેઃ

मानुषीषु कथं वा स्यादस्य रूपस्य सम्भवः ।

न प्रभातरलं ज्योतिरुदेति वसुधातलात् ॥

- જેમ તરલપ્રભાયુક્ત વીજળી માટીમય પૃથ્વીમાંથી ઉદય પામતી નથી, તેમ આવું અલૌકિક રૂપ પણ મનુષ્યમાં ક્યાંથી સંભવી શકે ?

કાલિદાસની આ ઉક્તિ ભગવાન સ્વામિનારાયણ માટે યથાર્થ ઠરે છે. મનુષ્યદુર્લભ દિવ્યતાના સાગર સમા ભગવાન સ્વામિનારાયણ હતા.

આમ, ભગવાન સ્વામિનારાયણ તેઓના સ્વભાવ અને સ્વરૂપથી તો અજોડ હતા જ, પરંતુ તેઓએ જે કાર્ય કર્યાં છે તેથી પણ તેઓની અદ્વિતીયતા જણાઈ આવે છે.

સ્ત્રીઓના શૈક્ષણિક ઉત્કર્ષની મશાલ પ્રગટાવનાર ભગવાન સ્વામિનારાયણ સૌપ્રથમ હતા.

નૈતિક, શૈક્ષણિક ઉન્નતિની સાથે જ મહિલાઓનો સામાજિક ઉત્કર્ષ સાધનાર પણ ભગવાન સ્વામિનારાયણ સૌપ્રથમ છે.

ઈશ્વરલાલ મશરૂવાલા કહે છે : 'જે સમયે દરેક ધર્મ અને ધર્માચાર્ય સ્ત્રીને ઉતારી પાડતા; પુરુષને પોતાના ધર્મમાંથી, આત્મસાધનાની મહેચ્છામાંથી પાડી નાખવાના હેતુથી

બનાવેલી જણાવી સર્વદા ત્યાજ્ય વર્ણવી નિંદા કરતા; તેવા કાળમાં આ સંપ્રદાયે સ્ત્રીનો દરજ્જો વધારનારો, તેને પુરુષના જેટલી સ્વતંત્રતા આપનારો ઉપદેશ ફેલાવ્યો. સ્ત્રીને સાધનામાંથી ભ્રષ્ટ કરનારી ન જણાવતાં તેના પ્રતિ પવિત્ર વ્યવહાર રાખવાનું જણાવ્યું.'

તેથી કિશોરલાલ મશરૂવાલા કહે છે : 'સ્ત્રીઓને સમાજ તથા સંપ્રદાયમાં ચોક્કસ સ્થાન આપી તેમની ઉન્નતિ કરનાર સહજાનંદ સ્વામી હતા.'

આ ઉપરાંત, ભગવાન સ્વામિનારાયણે કરેલું સાત વર્ષનું વનવિચરણ પણ અદ્વિતીય છે. અગિયારથી અઢાર વર્ષની કુમળી વય દરમ્યાન એકલા, કાંઈપણ ચીજ-વસ્તુ સાથે લીધા વિના, ઉઘાડા પગે, ખુલ્લા શરીરે, – ૪૦° ડિગ્રી સેલ્સિયશ તાપમાનથી લઈ + ૪૦° ડિગ્રી સેલ્સિયશ તાપમાન ધરાવતા જુદા જુદા પ્રદેશોમાં, ૧૨,૦૦૦ કિ.મી.ની પગપાળા યાત્રા કરવી - તે તેઓના અતિ દિવ્ય સ્વરૂપની પ્રતીતિ કરાવે છે. ઇતિહાસમાં નોંધાયેલા નક્કર ઉદાહરણો વર્ણવે છે કે આ વનવિચરણ દરમ્યાન તેઓને લાખો રૂપિયાની આવક ધરાવનારા મઠની મહંતાઈઓ તથા રાજ્ય અને રાજકુંવરીઓનાં પ્રલોભનો મળ્યાં પરંતુ તેઓ તેમાં લોભાયા નહીં. તેમજ વાઘ, સિંહ, સર્પ જેવાં હિંસક પ્રાણીઓ-જંતુઓ અને પિબૈક, કાલભૈરવ જેવા માનવભક્ષી રાક્ષસો મળ્યા છતાં તેથી તેઓ પાછા હઠ્યા નહીં. દુનિયાના પ્રત્યેક કિશોર (ટીનએજર) માટે આદર્શરૂપ બને તેવું ભગવાન સ્વામિનારાયણનું આ વનવિચરણ પણ આપણને સ્વામિનારાયણીય અસ્મિતાથી તરબતર કરી મૂકે તેવું છે.

તેઓએ ગુરુ રામાનંદ સ્વામી પાસે માંગેલાં બે વરદાનો પણ એવાં જ અદ્‌ભુત છે.

ધર્મધુરા ધારણ કરતી વખતે તેઓએ ગુરુ પાસે માંગેલું કે 'સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ; પણ સત્સંગીને તે થાઓ નહીં. અને સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય, એ બે વર મને આપો.' ભક્તોનાં દુઃખમાં આવી ભવ્ય ભાગીદારી દુનિયામાં કોઈએ નોંધાવી હોય તેવું ઇતિહાસમાં જોવા મળતું

## ગુજરાતના સાક્ષર અને ઇતિહાસ લેખકોની કલમે સ્વામિનારાયણીય અસ્મિતાનાં અજવાળાં

■ ''જનતામાં શ્રી સહજાનંદ સ્વામીની પ્રતિષ્ઠા એક અવતારી પુરુષ તરીકે સ્થપાઈ છે. આપણે ચમત્કારમાં માનતા હોઈએ કે ના માનતા હોઈએ, તો પણ શ્રી સહજાનંદ સ્વામીએ એ યુગમાં શાંતિદાયક અને કલ્યાણકારી વાતાવરણ પેદા કરી ભયંકર, જંગલી અને અધમ ગણાતી જાતોને ઉપદેશ આપી, એમનો ઉદ્ધાર કર્યો અને એમને સન્માર્ગે દોર્યા, એ એક અદ્‌ભુત ચમત્કાર નહિ તો બીજું શું હોઈ શકે! પછાત કહેવાતી અનેક કોમો એમના ઉપદેશ અને સંસ્કારથી ઉન્નતિને પામી સુખી થઈ ગઈ છે, એ એક ઇતિહાસપ્રસિદ્ધ બીના છે.

ગમે તે હો, પણ કાઠિયાવાડમાં શ્રી સહજાનંદ સ્વામીના ધર્મપ્રચાર કાર્યથી પ્રજામાં એવું જબરજસ્ત પરિવર્તન થવા પામ્યું હતું કે એથી આશ્ચર્યચકિત થઈને મુંબઈના ગવર્નર સર જોન માલ્કમ શ્રી સહજાનંદ સ્વામીની મુલાકાત કરવા ખાસ રાજકોટ મળવા આવ્યા હતા. રાજકોટ મુકામે સર જોન માલ્કમ અને સ્વામી મહાશયની મુલાકાત થઈ તે વખતે શ્રી સહજાનંદ સ્વામી તેમના અતિ ચારિત્રવાન પરમહંસોથી વીંટળાયેલા હતા. સર જોન માલ્કમને શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી ભેટ આપી અને તેના ઉચ્ચ હેતુઓ સમજાવ્યા. તે વખતે નાનચંદ શાહ તથા દલીચંદ હાજર હતા. તે વખતનું જે અલૌકિક દૃશ્ય તેની છાપ જોનારના મન ઉપર પડ્યા વગર રહે તેમ નહોતું.''

**– શ્રી હીરાલાલ ત્રિ. પારેખ**

(અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન, ૧૯૭૬)

■ ''જે ઉપદેશ સ્વથી શરૂ થતો ન હોય, તે કદાચ મનોરંજન કરી શકે પણ મનોપરિવર્તન નહિ, કારણ કે પાયામાં સાંભળનાર ને કહેનારમાં જ અમલ નથી, એટલે અવિશ્વાસ પેદા થાય છે. આવી સામાજિક શુચિતા એ કાલે અનેક જાતના વાંસપંજાઓ, હિંસક યજ્ઞો અને વેદાંતની તર્કજાળને લીધે લોપ થતી હતી. તેનો જીવના જોખમે શ્રીજીમહારાજ અને તેમના મંડળે ઉદ્ધાર કર્યો.

શ્રીજીમહારાજે વેદાંતનો તે કાળે જે અર્થ થતો હતો તેનો વિરોધ કર્યો. આકાર, સગુણ-મૂર્તિપૂજા, ઓચ્છવોને સ્થાપ્યાં. દારૂ-અફીણ, દીકરીઓને દૂધપીતી કરવાનો રિવાજ, માંસાહાર આ બધાંને ગમે તે પરંપરાનું, ધર્મકથાનું સમર્થન હોય તો પણ નિષેધ પ્રબોધ્યો છે. તે તેમનાં અસાધારણ બુદ્ધિસ્વાતંત્ર્ય અને મનોબળનું સાક્ષી છે. તેમણે જે કંઈ કહ્યું તે સ્વાનુભવના જોર પર કહ્યું.''

**– શ્રી મનુભાઈ પંચોળી, 'દર્શક'**

(સ્વામિનારાયણ સંત સાહિત્ય, ૧૯૮૧)

નથી. ભગવાન સ્વામિનારાયણના જીવનની આ અજોડ ઘટના આપણને સર્વાવતારીની પ્રાપ્તિથી ભરપૂર કરી મૂકે તેવી છે.

તેઓએ ચલાવેલું સમાધિ પ્રકરણ પણ તેઓના જીવનની એક એવી અજોડ ઘટના છે કે જે અન્યત્ર સાંભળવી અલભ્ય બની રહે! સમાધિનો અદ્‌ભુત પ્રતાપ જોઈ અનેકને ભગવાન સ્વામિનારાયણના પુરુષોત્તમપણાનો નિશ્ચય થતો : (હરિલીલામૃત-૫/૬)

*'જ્યારે શ્રીહરિ પુરમાં પધારે, જેના સામું જુએ હરિ ત્યારે; તેને સદ્ય સમાધિ તો થાય, ગોલોકાદિક ધામમાં જાય; કોઈ વેપાર કરતાં વેપારી, કોઈ તોળતાં ત્રાજવાં ધારી; કોઈ નામું-ઠામું લખનાર, થઈ જાય જોતાં શબાકાર; આખા દેશમાં વિસ્તરી વાત, પ્રભુ પ્રગટ થયા સાક્ષાત્.'*

ટૂંકમાં, ભગવાન સ્વામિનારાયણનું રૂપ-સ્વરૂપ, ગુણવૈભવ, કાર્યકલાપ વગેરે સઘળું એવું અદ્વિતીય છે કે તે જેમ જેમ જાણતા જઈએ તેમ તેમ અંતરમાંથી અસ્મિતાના ધોધ વછૂટવા માંડે.

## સ્વામિનારાયણીય અસ્મિતાઃ ગ્રંથોનો વૈભવ

સ્વામિનારાયણ સંપ્રદાયનો શાસ્ત્રસાગર ઘણો વિશાળ છે, પરંતુ તેમાંનાં બે રત્નોનો પ્રકાશ વિશેષરૂપે આજેય સમગ્ર વિશ્વને ઝળાંહળાં કરી રહ્યો છે. તે છે : 'વચનામૃત' અને 'શિક્ષાપત્રી.'

પ્રસિદ્ધ ગાંધીવાદી લેખક શ્રી કિશોરલાલ મશરૂવાલા કહે છેઃ 'ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતોનો સંગ્રહ એ તો ગુજરાતી ભાષાનું એક રત્ન છે. આધ્યાત્મિક અને વિચારમય જીવન ગાળવા ઈચ્છનારને ગુજરાતી ભાષામાં આવું પુસ્તક વિચાર્યા વિના ભાગ્યે જ ચાલે. એ પુસ્તકનું મનન અને નિદિધ્યાસન કરી એના સિદ્ધાંતો અને ઉપદેશોને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર ચડ્યા વિના, ઉત્કર્ષ પામ્યા વિના રહે જ નહીં. આધ્યાત્મિક સિદ્ધાંતોના રહસ્ય અને તેનો સાક્ષાત્કાર કરવા માટે વ્યાવહારિક સૂચનોથી ભરપૂર આટલું નાનકડું પુસ્તક ભાગ્યે જ બીજું છે. એની ભાષા બહુ મુદ્દાસર, ટૂંકી, એક જ અર્થ દર્શાવનારી, થોડું ભણેલાને પણ સમજાય તેવા સહેલા શબ્દો અને સરળ વાક્યરચનાવાળી અને જરૂર પડે ત્યાં અર્થને સ્પષ્ટ કરે એવાં દૃષ્ટાંતોવાળી છે. એમાં યોગ્ય ઠેકાણે યોગ્ય શબ્દોનો જ ઉપયોગ દેખાશે. એમાં કોઈ ઠેકાણે ભ્રમકારક, સંશયાત્મક કે મોળી વાત જોવામાં નહીં આવે. તેમાં ઠેકાણે ઠેકાણે એ વચનોના કહેનારનો સ્વાનુભવ પ્રત્યક્ષ થાય છે.'

ભગવાન સ્વામિનારાયણની પરાવાણીનો સંગ્રહ 'વચનામૃત' એ ગુજરાતી સાહિત્યનો પ્રથમ સુશ્લિષ્ટ ગદ્યગ્રંથ છે એમ સાક્ષરોએ સ્વીકાર્યું છે.

વચનામૃતની સાહિત્યકક્ષા પણ ઘણી ઉચ્ચ પ્રકારની છે તે દર્શાવતાં જાણીતા ગુજરાતી સાહિત્યકાર ચંદ્રવદન ચી. મહેતાએ કહ્યું છેઃ 'મહાત્મા ગાંધીજી રાજકારણમાં પડેલી વ્યક્તિ હતી છતાં સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને બેસાડ્યા. એમ જ એના કરતાં પણ વધારે હક્ક-દરજ્જાથી આજે હયાત હોત તો શ્રીજીને પણ સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને બિરાજમાન કર્યા હોત અને તેમની પાસેથી અત્યંત ઉચ્ચ પ્રકારની સાહિત્યની વ્યાખ્યા આપણે પામ્યા હોત! લેખનકલા સિદ્ધ કરવા માટે કોઈ પણ ઊગતા લેખકે વચનામૃતના ગદ્ય વાંચવા ઘટે, એમ જ વચનામૃતનું ગદ્ય અભ્યાસ માટે પણ ફરી ફરી વાંચવું ઘટે.'

વચનામૃતની આવી ઉચ્ચ સાહિત્યસભર શૈલી હોવા છતાં તત્ત્વજ્ઞાન કેટલી સરળ ભાષામાં પીરસાયું છે, તે વાત કરતાં ધર્મવિષયના પ્રાધ્યાપક શ્રી મણિલાલ પારેખ કહે છેઃ 'આ ગ્રંથમાં શુદ્ધ સિદ્ધાંતોને એટલી સાદી, સરળ છતાં રસાળ શૈલીમાં રજૂ કરવામાં આવ્યા છે કે અભણને અઘરું ન લાગે અને વિદ્વાનને સહેલું ન લાગે... સમગ્રપણે જોતાં વચનામૃત હિંદુશાસ્ત્રનો એક સર્વોત્તમ ગ્રંથ છે.'

ન્હાનાલાલ સાચું જ કહે છેઃ 'તપશ્ચર્યાર્થે તીર્થમંડળમાં ફરી ફરી નીલકંઠવર્ણી સર્વ મંત્રો વીણી લાવ્યા. તે ગૂંથી ગૂંથી બે ગ્રંથો - વચનામૃત અને શિક્ષાપત્રીમાં એમણે સંપ્રદાયને આપ્યા. નવશિક્ષિતો સમજે છે એથી એ બંને ગ્રંથો બહુ મ્હોટેરા છે.'

વચનામૃત અને શિક્ષાપત્રી સિવાય પણ ભગવાન સ્વામિનારાયણે પોતાના કવિ-લેખક પરમહંસો પાસે જે સત્ત્વશીલ સાહિત્ય રચાવ્યું છે તેનો પણ એક ખજાનો છે.

સાહિત્યના માધ્યમ દ્વારા પણ સમાજને સંસ્કારવાનું કાર્ય સ્વામિનારાયણીય સંતોએ સચોટ રીતે કર્યું છે. કડક શિસ્તના હિમાયતી અને સમર્થ આયોજક હોવા છતાં ભગવાન સ્વામિનારાયણના નેણમાંથી અખંડ પ્રેમનો પ્રવાહ વહેતો. તેઓ લલિત કળાની ખાણ હતા.

સ્વામિનારાયણીય પરમહંસ સંતોએ સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી ભાષામાં વિપુલપ્રમાણમાં સાહિત્ય સર્જન કર્યું છે. અવધી, વ્રજ, રાજસ્થાની, કચ્છી અને મરાઠી ભાષામાં પણ સાહિત્ય રચાયું છે.

ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શતાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, વાસુદેવાનંદ વર્ણી,

**(અનુસંધાન પૃષ્ઠ ૩૧ પર)**



# રોબિન્સવિલ ખાતે યોજાયો સ્વામિનારાયણ અક્ષરધામ મહામંદિર પર શીર્ષસ્થ થનારા સુવર્ણરસિત કળશપૂજનનો ઐતિહાસિક અવસર...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સંકલ્પે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અમેરિકાના મહાનગર રોબિન્સવિલ ખાતે સનાતન હિન્દુ સંસ્કૃતિનાં મૂલ્યોની ગૌરવગાથા ગાતું અજોડ સ્વામિનારાયણ અક્ષરધામ આકાર પામી ચૂક્યું છે.

મહા-અલૌકિક, દિવ્ય-મનોહર આ હિન્દુ મહામંદિરના શીર્ષસ્થ પર સ્થાપિત થનારા ૧૮ સુવર્ણરસિત કળશનો વેદોક્ત પૂજનવિધિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં તા. ૩૦-૮-૨૦૨૩, રક્ષાબંધનના પવિત્ર પર્વે યોજાઈ ગયો.

યોગાનુયોગ આજે તિથિ મુજબ, રોબિન્સવિલ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્મિત કલાત્મક બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ મંદિરનો નવમો પાટોત્સવ પણ હતો. આ શુભ અવસરે વહેલી સવારે વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં પાટોત્સવ નિમિત્તેનો વિધિ થયો હતો. સ્વામીશ્રીએ મંદિરમાં પધારી, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અક્ષરધામ મહામંદિરમાં સ્થાપિત થનારી મૂર્તિઓના પ્રાણ જે અક્ષરપુરુષોત્તમ મહારાજમાં પ્રતિષ્ઠિત કર્યા હતા તે સુવર્ણરસિત અક્ષર-પુરુષોત્તમ મહારાજનું પૂજન કરીને તેના પર જલાભિષેક કર્યો હતો. ત્યારબાદ સ્વામીશ્રીએ પાટોત્સવ નિમિત્તે ઠાકોરજીની આરતી ઉતારી, અભિષેક મંડપમ્‌માં બાળપ્રભુ ઘનશ્યામ મહારાજ પર અભિષેક કરીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. પાટોત્સવ વિધિ પૂરો થયા બાદ સુંદર વસ્ત્ર-અલંકાર સજીને દર્શનદાન આપતાં ઠાકોરજી સમક્ષ ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ રચવામાં આવ્યો હતો. આજના અવસરના

સાક્ષી બનવા માટે અમેરિકા તેમજ અન્ય દેશોમાંથી ખૂબ મોટી સંખ્યામાં ઊમટેલા હરિભક્તો મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને કૃતાર્થતા અનુભવી હતી.

ભારતીય સંસ્કૃતિના અણમોલ નજરાણા સમાન અને સકળ વિશ્વના મંગલ તીર્થ એવા અક્ષરધામના કળશપૂજનનો ઐતિહાસિક અવસર આવી પહોંચ્યો. અક્ષરધામના પોડિયમ પર રચવામાં આવેલા મંચ પર પૂજનવિધિ માટે સુવર્ણરસિત નકશીદાર કળશ સ્થાપિત કરવામાં આવ્યા હતા. વિવિધરંગી ફૂલોથી સજાવેલા પોડિયમનો નજારો મનભાવન હતો. સર્વત્ર ઉમંગ-ઉલ્લાસનું વાતાવરણ છવાયું હતું. સૌના હૈયામાં અક્ષરધામ કળશપૂજનનાં દર્શનના સુયોગનો અનેરો આનંદ ઊછળી રહ્યો હતો. હકડેઠઠ બેઠેલા હરિભક્તોના સમુદાય વચ્ચેથી પસાર થતાં સ્વામીશ્રી પૂજનવિધિ માટે પધાર્યા. તે પૂર્વે વરિષ્ઠ સંતોના હસ્તે કળશનો પૂર્વપૂજનવિધિ સંપન્ન થઈ ચૂક્યો હતો.

સ્વામીશ્રીએ સૌ પ્રથમ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણારવિંદનું પૂજન કરીને તે પર પુષ્પ પધરાવ્યાં. ત્યારબાદ તેઓ મંચ પર મુખ્ય કળશ સન્મુખ બિરાજ્યા. તમામ કળશો પર વર્ષાનું જળ ઝાકળ બિંદુઓની જેમ શોભી રહ્યું હતું. પૂજનવિધિના મંચની પાર્શ્વભૂમાં કલાત્મક અક્ષરધામ શોભી રહ્યું હતું. મુખ્ય કળશની આજુબાજુ અન્ય કળશ શોભી રહ્યા હતા. ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગ-વલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામીની સાથે વડીલ સંતો પણ કળશના પૂજનવિધિમાં પરોવાયા. પ્રથમ સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું અને ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. ત્યારપછી પૂજનવિધિ આરંભાયો. વિવિધ આવાહ્‌ન અને સંકલ્પો સાથે શ્રુતિપ્રકાશદાસ સ્વામી અને શ્રી મૂકેશભાઈ શાસ્ત્રીના વૈદિક મંત્રોચ્ચારની વચ્ચે સ્વામીશ્રી સહિત તમામ સંતોએ કળશનું વિધિવત્ વૈદિક પૂજન આરંભ્યું. પૂજનવિધિના સંકલ્પ બાદ સ્વામીશ્રી સહિત સૌ સંતોએ પંચામૃતથી અભિષેક કર્યો. ત્યારબાદ કેસર જળથી અને ત્યારબાદ શુદ્ધ જળથી પણ અભિષેક કર્યો. મંત્રપુષ્પાંજલિ અર્પણ કરીને સ્વામીશ્રી સહિત સૌએ આ મંગલ કાર્યનો શ્રીકળશ ચઢાવ્યો.

કળશ-પૂજનના સમાપન બાદ સ્વામીશ્રીએ શુભાશિષ અર્પતાં જણાવ્યું: ‘‘આજે પવિત્ર રક્ષાનો દિન છે. મોટામાં મોટી રક્ષા તો ભગવાને કરી દીધી જ છે - મોક્ષમાર્ગે આપણને ચઢાવી દીધા છે, એ મોટામાં મોટી રક્ષા છે. એનાથી મોટી રક્ષા છે નહીં. બીજી બધી રક્ષા એના પેટામાં આવે.

આપ બધાએ તન-મન-ધનથી સમર્પણ કરેલું છે, એ શંકા વિનાની વાત છે. બધાએ ખૂબ દાખડો કરીને ખરેખર કાર્ય કર્યું છે. શ્રીજીમહારાજ પોતે જ આપણી રક્ષા, કદર કરશે. શ્રીજીમહારાજે બધું કરેલું જ છે.’’

સેવા-સમર્પણ-શ્રદ્ધાના પ્રતીક સમા અક્ષરધામના કળશ પર હરિભક્તો તથા સ્વયંસેવકોને પુષ્પ-અક્ષત પધરાવવાનો લાભ પ્રાપ્ત થયો હતો.

અહીંથી સ્વામીશ્રી અક્ષરધામ મહામંદિરના ગર્ભગૃહમાં પધાર્યા. અહીં પીઠિકા પર ભગવાન સ્વામિનારાયણની અદ્‌ભુત મૂર્તિ વિરાજમાન હતી. સ્વામીશ્રી તેની સમક્ષ બિરાજ્યા. હવે, ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનો સ્થાપનવિધિ આરંભાયો. પૂજનવિધિમાં જોડાતાં સૌપ્રથમ સ્વામીશ્રીએ શ્રીહરિના ડાબા ચરણ પર ચંદનના પાંચ ચાંદલા કર્યા અને અક્ષત તથા પુષ્પ પધરાવ્યાં. ત્યારપછી સ્વામીશ્રીએ મૂર્તિ નીચે પધરાવવાના મુખ્ય યંત્રનો સ્પર્શ કર્યો. સૌએ સમૂહમાં ૧૬ વખત ‘ઓમ’ મંત્રનો જાપ કર્યો. ત્યારબાદ સ્વામીશ્રીએ યંત્રનું ચંદનાદિ ઉપચારોથી પૂજન કર્યું. વૈદિક મંત્રોના ગાન સાથે સ્વામીશ્રીએ છેક ગર્તમાં આ પરમ દિવ્ય યંત્ર અને રત્નાદિક પધરાવ્યાં. સંતોએ જય જયકારો ગુંજાવ્યા. પૂર્વવિધિ દરમ્યાન વરિષ્ઠ સંતોએ પંચગવ્ય, સુવર્ણ, રત્ન વગેરે યંત્રો પધરાવ્યાં હતાં. ત્યારબાદ સ્વામીશ્રીએ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની મનોહર મૂર્તિનું તેમજ અક્ષરધામમાં વિરાજમાન તમામ અવતાર સ્વરૂપોનું પૂજન કરી તેઓનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી.

મંત્રપુષ્પાંજલિ બાદ સ્વામીશ્રી પુનઃ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ સમક્ષ બિરાજ્યા. ખૂબ ભાવથી દર્શન કરતાં આ ભવ્ય મૂર્તિઓની તથા આ મૂર્તિઓના પ્રાણ જે ચલ મૂર્તિઓમાં છે તેની તથા નિજ અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી. આરતી બાદ શુભ સંકલ્પોની પરિપૂર્તિ માટે સ્વામીશ્રી સહિત સૌએ ધૂન-પ્રાર્થના કરી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી અને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ એક-એક શ્રીફળ વધેર્યું. ત્યારબાદ ભગવાન સ્વામિનારાયણની મહામૂર્તિનો ‘સહસ્રધારા અભિષેક’ સ્વામીશ્રીએ કર્યો. સ્વામીશ્રીએ આઈપેડ પર ક્લિક કરતાં જ ગર્ભગૃહની છત પરથી સહસ્ર કેસરજળની ધારાઓ મૂર્તિ પર વરસવા લાગી. સાથે સાથે સંતો અને હરિભક્તો પણ પુષ્પવૃષ્ટિ કરી રહ્યા હતા.

ત્યારબાદ સ્વામીશ્રીએ અક્ષરધામ નિર્માણની સેવામાં જોડાયેલા મુખ્ય સંતોને ખૂબ પ્રેમથી આશીર્વાદ અર્પ્યા.

આ શુભ અવસરે સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, 'મૂર્તિ અદ્‌ભુત છે... બધાનો દાખડો છે તેથી આ અક્ષરધામનું નિર્માણ થયું છે. બાઈ-ભાઈ બધાંએ સંપ, પરિશ્રમ ખૂબ રેડ્યો છે.' ત્યારપછી સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણની ઉત્સવમૂર્તિ પર અભિષેક કર્યો હતો.

આમ, ખૂબ જ ઉલ્લાસપૂર્વક, ભક્તિભર્યા માહોલ વચ્ચે અક્ષરધામ મહામંદિરના ગર્ભગૃહમાં મૂર્તિઓનો વેદોક્ત સ્થાપનવિધિ સ્વામીશ્રીના વરદ હસ્તે સંપન્ન થયો હતો.

તા. ૨૬-૮-૨૦૨૩, નિજ શ્રાવણ સુદ દશમ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ધામગમન તિથિએ અક્ષરધામ મહામંદિરનાં કલાત્મક સિંહાસનોમાં બિરાજમાન થનાર સનાતન ધર્મનાં તમામ મુખ્ય અવતાર સ્વરૂપોની મૂર્તિઓની નીચે પધરાવવામાં આવનારાં યંત્રોના પૂજનવિધિનો મંગલ અવસર યોજાયો હતો.

સન ૨૦૧૨માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આ યંત્રોનું પૂજન કરવામાં આવ્યું હતું, એ જ યંત્રોનું આજે સ્વામીશ્રીના વરદહસ્તે પુનઃ વેદોક્ત વિધિપૂર્વક પૂજન થયું હતું. વિધિમાં જોડાતાં સ્વામીશ્રીએ સૌ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું હતું. ત્યારબાદ અક્ષરપુરુષોત્તમ મહારાજની પાવન નિશ્રામાં સ્વામીશ્રીએ પ્રત્યેક યંત્રનું ચંદન-અક્ષત-પુષ્પથી પૂજન-અર્ચન કર્યું હતું. ઘીમાં છડી બોળી તમામ યંત્રોને સ્પર્શાવી હતી. યંત્રો પર જલાભિષેક કર્યો હતો. દરેક યંત્રને સ્પર્શી પ્રતિષ્ઠા કરી હતી. એ જ ક્રમમાં મૂર્તિઓ નીચે પધરાવવાનાં રત્ન, સુવર્ણ અને અન્ય સામગ્રીઓનું પુષ્પાદિકથી પૂજન કર્યું હતું. વૈદિક મંત્રોચ્ચાર સહિત થયેલા પૂજનવિધિના અંતે સ્વામીશ્રીએ યંત્રોની આરતી ઉતારી અને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી. સાથે સાથે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને આનંદસ્વરૂપદાસ સ્વામીએ પણ યંત્રો પર પુષ્પો પધરાવ્યાં હતાં.

પૂજનવિધિ બાદ સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યુંઃ ''યંત્રનો વિધિ થયો - દરેક સ્વરૂપની નીચે આ યંત્ર પધરાવવામાં આવશે અને અક્ષરધામ 'ન ભૂતો, ન ભવિષ્યતિ થશે.' હરિભક્તો-યુવકોના સમર્પણથી તો બધા આશ્ચર્ય પામી જાય છે કે - આવા ભણેલા-ગણેલા, કોઈ વેતન-પગાર નહીં, કોઈ માગણી નહીં, ખાલી નિઃસ્વાર્થપણે સેવા કરે છે! આપ બધાએ એવી સેવા કરેલી છે, કરો છો ને કરવાના છો. બધાને ધન્યવાદ છે.''

### ધજાદંડ અને ધજાનું પૂજન...

તા. ૧૩-૯-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ અક્ષરધામના ધજાદંડ અને બી.એ.પી.એસ.ની ધજાનું વેદોક્ત પૂજન કર્યું હતું. સાથે સાથે મુખ્ય ધજા પર હસ્તાક્ષર કરીને ચંદનના થાપા કર્યા હતા. આ અલૌકિક કાર્યના પૂજનમાં 'ડૂબી ગયો' એવું કહીને સ્વામીશ્રીએ પ્રસન્નતાપૂર્વક હાથ પહોળા કરીને સમુદ્ર જેવા આ વિશાળ કાર્યને પોંખ્યું હતું. પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે સંતોએ અન્ય ધ્વજદંડોને ચાંદલા કરીને તેની પર અક્ષત પધરાવ્યા હતા.

અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના આ ધ્વજદંડો અક્ષરધામ મહામંદિર પર ચઢશે ત્યારે વિશ્વમાં સનાતન હિન્દુ-ધર્મનો જય જયકાર ગુંજી ઊઠશે. ◆





# અમેરિકાના રોબિન્સવિલ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના ૯૦મા જન્મજયંતી ઉત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી

તા. ૧૩-૯-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો તારીખ પ્રમાણે ૯૦મો પ્રાકટ્ય દિન હતો. અમેરિકાના રોબિન્સવિલ ખાતે બિરાજતા સ્વામીશ્રીના જન્મોત્સવનો માહોલ વહેલી સવારથી જ આરંભાયો હતો. ગુરુહરિને જન્મદિવસની વધામણી આપતાં સુશોભનથી સમગ્ર મંદિર પરિસર શોભતું હતું.

સાયંકાળે જન્મોત્સવની સ્મૃતિદાયક સભા યોજાઈ હતી. આ મંગલ અવસરને અનુરૂપ સજાવેલા મંચના ઉચ્ચ આસને વિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાનાં ચરણોમાં '૯૦' લખેલો અંક સ્વામીશ્રીના ૯૦મા જન્મદિનની સાક્ષી પૂરતો હતો. પ્રગટ ગુરુહરિને જન્મદિને સત્કારવા તેમજ અભિવંદન કરવા ઊમટેલા અસંખ્ય હરિભક્તોનાં હૈયાં ગુરુભક્તિથી છલકતા હતા.

સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બાદ સંતો અને યુવકોના વૃંદે *'ગુણોના મહાસાગર મહંત સ્વામી જગથી ન્યારા, ગુણાતીતના વારસ એ તો પ્રમુખસ્વામીના પ્યારા...'* કીર્તનનું ગાન કરીને જન્મોત્સવની વિશિષ્ટ સભાનો પ્રારંભ કરાવ્યો હતો.

ત્યારબાદ ભારત સહિત વિવિધ દેશોમાં વસતા આબાલવૃદ્ધ સૌએ અંતરની ભક્તિરૂપે ગુરુહરિને ૯૦મા જન્મદિનની શુભકામનાઓ પાઠવતાં જે અભિનંદન કાર્ડ્સ બનાવ્યા હતા, તેની એક ઝલક વીડિયો દ્વારા પ્રસ્તુત થઈ હતી.

હવે, સભાનો મુખ્ય કાર્યક્રમ, સ્વામીશ્રીએ આપેલા 'Yours Forever' સૂત્રને કેન્દ્રમાં રાખીને વહેવા લાગ્યો. જેમાં સ્વામીશ્રીએ હરિભક્તોને લખેલા પત્રોમાં ઝળકતા તેઓના વિરલ સદ્‌ગુણોનું સુંદર નિદર્શન હતું.

તા. ૭ માર્ચ, ૨૦૧૩ના દિવસે અમદાવાદ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પોતાના વતી હરિભક્તોના પત્રોના પ્રત્યુત્તર આપવાની સેવા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને સોંપી હતી. પ્રમુખસ્વામી મહારાજની જેમ જ સ્વામીશ્રીએ પણ અસંખ્ય પત્રો લખીને



લાખો હરિભક્તો-ભાવિકોને પ્રેમ-હૂંફ આપીને તેઓની ઉન્નતિ કરી છે. ખાસ કરીને સ્વામીશ્રીએ આ પત્રો દ્વારા હરિભક્તોને કેવી રીતે આધ્યાત્મિક જ્ઞાનમાં અભિમુખ કર્યા અને સેવામાં જોડ્યા તેની અદ્‌ભુત છણાવટ યોગાનંદદાસ સ્વામીએ પોતાના વક્તવ્ય દ્વારા કરી હતી. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં અને રોબિન્સવિલ અક્ષરધામના નિર્માણમાં હરિભક્તોને સેવાનું બળ પ્રેરતાં સ્વામીશ્રીએ લખેલા વિવિધ પત્રો સ્ક્રીન પર દર્શાવાયા હતા.

પ્રત્યેક પત્રમાં સ્વામીશ્રી ભક્તો પર અપાર પ્રેમભાવ વરસાવતા રહ્યા છે. સ્વામીશ્રી દ્વારા લખાયેલો પ્રત્યેક શબ્દ ભક્તોના મન-હૃદયમાં પ્રેરણા અને આત્મવિશ્વાસના પ્રાણ રેડે છે. તેઓનું એક વાક્ય લાખો લોકોના જીવનમાં આશાનો સૂર્યોદય કરી દે છે. અભ્યાસ-નોકરી-ધંધા તેમજ વ્યાવહારિક જીવનમાં હતાશા-નિરાશાથી ઘેરાયેલા યુવકોના જીવનમાં સ્વામીશ્રીનો એક પત્ર કેવું પરિવર્તન સર્જે છે – તેનું સ્વ-કથન જુદા જુદા ચાર યુવકોએ રજૂ કર્યું હતું. પ્રત્યેક વક્તાના સ્વ-કથનની સાથે તેઓને હૂંફ-બળ-પ્રેરણા આપતા સ્વામીશ્રીના એ પત્રો સ્ક્રીન પર દર્શાવાયા હતા તેમજ વિષયને એકસૂત્રતામાં જોડતા 'મહંતજીએ પત્ર-કલમથી અમ જીવનને ધન્ય કર્યા...'ની વીડિયો પ્રસ્તુતિ વાતાવરણને વધુ ભાવસભર બનાવતી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અનહદ ભીડો વેઠીને પત્રો દ્વારા અગણિત કાર્યો કર્યાં છે અને લાખો ભક્તોને નિઃસ્વાર્થ પ્રેમ આપ્યો છે. ભક્તોનાં દુઃખ દૂર કરવા માટે, ભક્તોને રાજી કરવા માટે સ્વામીશ્રીએ કેવા વિપરીત સમય-સંજોગોમાં પત્રો લખ્યા છે, તેના હૃદયસ્પર્શી પ્રસંગો શ્રુતિપ્રિયદાસ સ્વામીએ પ્રશ્નોત્તરીના માધ્યમથી વર્ણવ્યા હતા.

ત્યારબાદ સ્વામીશ્રીની દિવ્યતાની અનુભૂતિઓને વર્ણવતું એક વીડિયો-દર્શન રજૂ થયું હતું. આધ્યાત્મિક વિભૂતિઓ તેમજ વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ સ્વામીશ્રીમાં નીરખેલી દિવ્ય સાધુતા અને તેજસ્વિતાને શબ્દોમાં ગૂંથી સ્વામીશ્રીને 'પૂર્ણ મહાપુરુષ', 'ઋષિ-પરંપરાનું ઉચ્ચ શિખર', 'પ્રભાવશાળી વ્યક્તિત્વ', 'ઊર્જાવાન પુરુષ', 'દેશનું ગૌરવ વધારનાર મહાત્મા', 'ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ' અને 'સાક્ષાત્ પરમબ્રહ્મના ધારક' તરીકે નવાજ્યા હતા તેનું અદ્‌ભુત બયાન આ વીડિયોદર્શન દ્વારા પ્રસ્તુત થયું હતું. એક તરફ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ સ્વામીશ્રીને સર્વોચ્ચ આદર-માન આપી રહ્યા છે ત્યારે બીજી



બાજુ સ્વામીશ્રી, હંમેશાં 'દાસના દાસ' થઈને વર્તે છે. વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સંસ્થાના ગુરુપદે બિરાજતા હોવા છતાં સ્વામીશ્રીનું દાસપણું અનેક પ્રસંગોમાં સૌએ અનુભવ્યું છે. દાસભાવે વર્તવામાં જ તેઓને આનંદ આવે છે. સ્વામીશ્રી દ્વારા લખાયેલા પત્રોમાં પણ તેઓનું દાસપણું હંમેશાં છલકાતું રહ્યું છે. સ્વામીશ્રીની આ દાસત્વ-ભાવનાને દર્શાવતા પ્રસંગોની પ્રસ્તુતિ નિહાળી સૌ સ્વામીશ્રીને મનોમન વંદી રહ્યા.

સન ૨૦૦૧માં 'ભારત યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રાના ભાગરૂપે ભારત આવેલાં બાળકો માટે મહંત સ્વામી મહારાજે 'સ્વામીશ્રી - અવર બેસ્ટ ફ્રેન્ડ' વિષયક અંગ્રેજી ભાષામાં એક પ્રવચન તૈયાર કર્યું હતું. બાળકો સરળતાથી પ્રવચનનો વિષય સમજી શકે તે માટે તેઓએ પ્રવચનને અનુરૂપ સુંદર ચિત્રો સ્વહસ્તે દોરીને ખૂબ સારી તૈયારી કરી હતી. બાળકોને વિષયની સ્પષ્ટતા થાય તે માટે તેઓ આ ચિત્રો દર્શાવીને વિસ્તૃત રીતે સમજાવતા હતા. યાત્રાના થાકને કારણે તેમજ મોડું થઈ ગયું હોવાથી પ્રવચન દરમ્યાન ઘણાં બાળકો ઊંઘી ગયાં હતાં. લંબાયેલા પ્રવચનથી દિલગીરી વ્યક્ત કરતાં સ્વામીશ્રીએ એક પત્ર લખીને બાળકોની માફી માગી હતી. આજે વર્ષો બાદ તે બાળકો સ્વામીશ્રીની નિર્માનિતાના આ પ્રસંગની સ્મૃતિ કરતાં ભાવવિભોર થઈ ગયાં હતાં. એક વીડિયો પ્રસ્તુતિના માધ્યમથી તેઓએ અંતરની સંવેદના અને સ્વામીશ્રીની પ્રેમલવર્ષાને શબ્દોમાં રજૂ કરી હતી. સ્વામીશ્રીના દિવ્ય વાત્સલ્યનો પ્રભાવ આજે પણ તેઓના હૈયે અકબંધ હતો. હજારો હરિભક્તોની સભાને સંબોધવા માટે જે તૈયારી કરવી પડે એવી તૈયારી સ્વામીશ્રીએ ગણ્યાંગાંઠ્યાં નાનકડાં બાળકો માટે કરી હતી, તે સંદર્ભમાં પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે 'હું કોઈને નાનો દેખતો જ નથી. શરીરમાં નાના છે પણ આત્મા તો મોટો છે. બધા મુક્તો છે. આ સત્સંગમાં કોઈ નાનો-મોટો નથી.' સ્વામીશ્રીનાં આ હેતાળ વચનોમાં નમ્રતા અને દાસ-પણાના ગુણોનું સહેજે દર્શન થાય છે.

ત્યારબાદ આનંદસ્વરૂપદાસ સ્વામીએ 'સ્વામીશ્રીની ગુણગ્રાહક દૃષ્ટિ અને દાસપણું' વિષયક પ્રવચન દ્વારા સ્વામીશ્રીના પત્રોમાં છલકતા દાસપણાના ગુણની વિશેષ છણાવટ કરી હતી.

સ્વામીશ્રી જન્મજયંતીની આ વિશિષ્ટ સભામાં પધાર્યા ત્યારે યુવાવૃંદે જોમભર્યું ભક્તિનૃત્ય રજૂ કરીને ગુરુહરિનું અભિવાદન કર્યું હતું. નૃત્ય અને સ્વાગતવિધિ બાદ નારાયણ-મુનિદાસ સ્વામીએ 'સ્વામીશ્રીના જીવનમાં દાસત્વ ભક્તિ' વિષય પર



પ્રકાશ પાથર્યો હતો. ત્યારબાદ સ્વામીશ્રીએ સ્વહસ્તે લખેલા સદ્‌ગુરુ સંતોના ગુણોનું ક્રમશઃ પઠન કરવામાં આવ્યું હતું. એ જ ક્રમમાં ડૉક્ટર સ્વામી, ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી અને ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીના ગુણિયલ પ્રસંગોની સ્મૃતિ કરીને સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સદા નિરામય રહે અને વર્ષો સુધી સમગ્ર સત્સંગ સમુદાયને તેઓનાં દર્શન અને સત્સંગનું અલૌકિક સુખ આપતા રહે એવી પત્ર-પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે તેમણે કલાત્મક હારતોરાથી સ્વામીશ્રીને વધાવીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ સ્વામીશ્રીના સદ્‌ગુણોનું ગાન કરીને ઉદ્‌ઘોષકે સમગ્ર સત્સંગ સમુદાય વતી સ્વામીશ્રીને ગદ્‌ગદકંઠે પ્રાર્થના કરી હતી. અંતમાં સૌ પર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ એક પત્રમાં લખ્યુંઃ

*પ્રતિ,*

*BAPSના તમામ આશ્રિત હરિભક્તો,*

*જય સ્વામિનારાયણ.*

*BAPS સ્વામિનારાયણ અક્ષરધામ, રોબિન્સવિલ એ પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય સંકલ્પ હતો. તે સંકલ્પ અનુસાર અક્ષરધામ 'ન ભૂતો ન ભવિષ્યતિ' થઈ રહ્યું છે. અહીં જે જે આવશે તે સર્વેને ભવ્યતા, દિવ્યતા અને શાંતિનો અનુભવ થશે અને ઘણી જ શુભ પ્રેરણાઓ લઈને જશે.*

*આજે અક્ષરધામનાં કળશ, ધજા દંડ અને ધજાના પૂજનવિધિનો કાર્યક્રમ ખૂબ જ દિવ્યતાથી સંપન્ન થયો. સાથે સાથે આપ સર્વેને પણ યાદ કર્યા છે. આપ સર્વેની શુભ ઈચ્છાઓ પણ પ્રાપ્ત થઈ છે. આપ સર્વેની પ્રાર્થનાઓ પણ સાંભળી છે. આપ સર્વે પ્રકારે સુખી થાઓ તે માટે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને પ્રાર્થના પણ કરેલ છે.*

*આજે સાંજની સભાના અંતમાં આપ સૌ વતી પ્રશ્ન પુછાયો છે કે, જીવનના તમામ પ્રશ્નોનું સમાધાન થાય તે માટે શું કરવું? તો તેનો ઉત્તર એ છે કે...*

*રોજ ૧૫ મિનિટ પ્રાપ્તિનો વિચાર કરશો.*

*Your's Forever*

*સા.કે. (સાધુ કેશવજીવનદાસ)*

આશીર્વાદની સમાપ્તિ બાદ સૌએ વૈદિક મંત્રોચ્ચાર સાથે ગુરુદેવનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ સૌએ ઈષ્ટદેવ અને ગુરુદેવનાં ચરણોમાં આરતી-અર્ઘ્ય અર્પ્યું હતું.

પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે પત્રો દ્વારા આશીર્વાદ પાઠવી હરિભક્તોને સુખી કર્યા છે તેની ગાથા દેશ-પરદેશના લાખો ભક્તો-ભાવિકોએ ઘરે બેઠાં માણીને, ગુરુહરિના જન્મદિને ભક્તિવંદના કરી હતી. ◆



# યુ.કે.ના વડાપ્રધાન શ્રી ઋષિ સુનક અને તેમનાં ધર્મપત્નીએ દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામમાં શ્રીહરિને અર્પી ભાવાંજલિ...

ભારતમાં યોજાયેલી G20 પરિષદમાં ભાગ લેવા માટે યુ.કે.ના વડાપ્રધાનશ્રી ઋષિ સુનક અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી અક્ષતા મૂર્તિ તા. ૯ અને ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ દિલ્હીના મહેમાન બન્યાં હતાં. ભારતની આ દ્વિદિવસીય યાત્રા દરમ્યાન યુ.કે.ના વડાપ્રધાનશ્રી અને તેઓનાં ધર્મપત્નીશ્રીએ તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ વહેલી સવારે નવી દિલ્હીના યમુના તટે આવેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામની દર્શન-મુલાકાત લીધી હતી.

અક્ષરધામ પરિસરમાં સનાતન હિન્દુ પરંપરા અનુસાર સદ્‌ભાવ અને મિત્રતાનાં પ્રતીકો એવાં કુમકુમ, અક્ષત અને રક્ષાસૂત્ર વડે યુ.કે.ના વડાપ્રધાનશ્રી અને તેઓનાં ધર્મપત્નીશ્રીનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બી.એ.પી.એસ. સંસ્થા તરફથી સંતો તથા સંસ્થાના જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી રીતેશભાઈ ગઢિયા અને યુ.કે.ના બી.એ.પી.એસ. સંસ્થાના ટ્રસ્ટી શ્રી સંજયભાઈ કારાએ વડાપ્રધાનશ્રીને ઉમળકાભેર આવકાર્યા હતા અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજે પાઠવેલાં શુભેચ્છાઓ અને પ્રાર્થના સંદેશને તેઓ સમક્ષ વ્યક્ત કર્યો હતો. આ સંદેશમાં સ્વામીશ્રીએ લખી જણાવ્યું હતું કે, ‘વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના સાથે આપ અને G20ના સૌ સહભાગીઓ માટે અમે પ્રાર્થના કરીએ છીએ કે આ સમિટને ઝળહળતી સફળતા પ્રાપ્ત થાય અને સૌના સહિયારા પ્રયત્નથી સમગ્ર વિશ્વ શાંતિ, સમૃદ્ધિ અને વૈશ્વિક સંવાદિતા પામે.’

પ્રતિકૂળ વાતાવરણ તેમજ સમિટના કાર્યક્રમોમાં અત્યંત વ્યસ્ત હોવા છતાં માનનીય વડાપ્રધાનશ્રી તેમજ તેઓનાં ધર્મપત્નીશ્રીએ સ્વામિનારાયણ અક્ષરધામનાં દર્શન માટે વિશેષ સમય ફાળવ્યો હતો અને અક્ષરધામ મહામંદિરમાં પૂજા-અર્ચના અને પ્રાર્થના કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મહામંદિરનાં પગથિયાં તરફ દોરી જતા ૧૫૦ મીટર લાંબા માર્ગ પર વરસાદી વાતાવરણમાં પણ ખુલ્લા પગે ચાલીને જતાં આ દંપતીમાં હિન્દુ ધર્મ પ્રત્યેની પરમ શ્રદ્ધાનું ભાવસભર દર્શન થતું હતું.

ભારતીય પ્રાચીન સ્થાપત્ય અને પરંપરાઓનું દર્શન કરાવતા તેમજ શ્રદ્ધા, સમર્પણ અને સંવાદિતાના ચિરંતન

હિન્દુ શાણપણને વિસ્તારતા ૧૦૦ એકરમાં ફેલાયેલા અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી રચાયેલા આ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરિસરને નિહાળીને વડાપ્રધાનશ્રી અને તેઓનાં ધર્મપત્ની વિશેષ પ્રભાવિત થયાં હતાં.

અક્ષરધામના સમગ્ર પરિસરમાં પથરાયેલા કલા અને સ્થાપત્યના સૌંદર્યની પ્રશંસા કરતાં શ્રી સુનક અને તેઓનાં





ધર્મપત્નીએ મુખ્ય મંદિરમાં બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુરુપરંપરા, ભગવાન શ્રીકૃષ્ણ અને રાધિકાજી, ભગવાન શ્રી રામચંદ્રજી અને સીતાજી, ભગવાન શ્રી વિષ્ણુ અને લક્ષ્મીજી અને ભગવાન શ્રી શંકર અને પાર્વતીજીનાં દર્શન કર્યાં હતાં. બાળકો દ્વારા થતા વૈદિક શ્લોકોના મંગલ ગાન વચ્ચે આ દંપતીએ ભગવાનનાં ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ તેઓએ આરતી ઉતારી ભગવાનને પ્રાર્થના કરી હતી અને હિન્દુ પરંપરા અનુસાર શ્રદ્ધા, સમર્પણ અને વિનમ્રતા દર્શાવતાં ભગવાન સ્વામિનારાયણ સમક્ષ પંચાગ પ્રણામ કર્યા હતા.

અક્ષરધામની આ દર્શન-મુલાકાતના પ્રભાવનો પ્રતિસાદ આપતાં માનનીય વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, 'આજની પ્રભાતે સ્વામિનારાયણ અક્ષરધામમાં દર્શન અને પૂજા કરીને મને અને મારાં ધર્મપત્નીને પ્રસન્નતા થઈ છે. મંદિરના સૌંદર્ય અને તેના શાંતિ, સંવાદિતા અને વધુ સારા



માનવ બનવાના વૈશ્વિક સંદેશાથી અમે મુગ્ધ થઈ ગયા છીએ. આ કેવળ પૂજાનું સ્થાન નથી, પરંતુ ભારતનાં મૂલ્યો, સંસ્કૃતિ અને વૈશ્વિક પ્રદાનને દર્શાવતું સીમાચિહ્ન છે. આજે સવારે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પાઠવેલા આશીર્વાદ પામીને હું ગૌરવાન્વિત થયો છું. ટૂંક સમયમાં જ તેઓ અમેરિકાના રોબિન્સવિલ ખાતે વધુ એક સુંદર સ્વામિનારાયણ અક્ષરધામનું લોકાર્પણ કરવા જઈ રહ્યા છે તે જાણીને વિશેષ પ્રસન્નતા થઈ છે. અક્ષરધામના એ લોકાર્પણ સમારોહ પૂર્વે હું પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તેમજ બી.એ.પી.એસ.ના તમામ સત્સંગીજનોને શુભેચ્છાઓ પાઠવું છું.'

અક્ષરધામથી વિદાય લેતાં પૂર્વે માનનીય વડાપ્રધાનશ્રી તેમજ તેઓનાં ધર્મપત્નીને બી.એ.પી.એસ. સંસ્થા તરફથી સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી. વળી, તેઓએ અક્ષરધામ ખાતે સેવારત ભારતભરના ૭૦૦ સ્વયંસેવકો પૈકી કેટલાક સ્વયંસેવકોની પણ મુલાકાત લીધી હતી.

આમ, ભારત ખાતેના ટૂંકા રોકાણ દરમ્યાન શ્રી ઋષિ સુનક અને તેઓનાં ધર્મપત્ની શ્રીમતી અક્ષતા મૂર્તિએ સ્વામિનારાયણ અક્ષરધામની દર્શન-મુલાકાત લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. અક્ષરધામ પરિસરના કણેકણમાં સ્ફુટ થતા ભારતીય સંસ્કૃતિ અને તેના સમયાતીત મૂલ્યોને તેઓએ હૃદયપૂર્વક બિરદાવ્યાં હતાં.

# દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિરના નિર્માણને ભારતના વડાપ્રધાનશ્રીએ બિરદાવ્યું...





પ્રતિ વર્ષે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને સાઉથ આફ્રિકા દ્વારા યોજાતી BRICS શિખર પરિષદ આ વર્ષે દક્ષિણ આફ્રિકાની રાજધાની જોહાનિસબર્ગ ખાતે યોજાઈ હતી. તા. ૨૨-૮-૨૦૨૩ના રોજ યોજાયેલી આ પરિષદમાં ભાગ લેવા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દક્ષિણ આફ્રિકા પધાર્યા હતા.

અહીં વડાપ્રધાનશ્રી પોતાના અતિવ્યસ્ત ત્રિદિવસીય કાર્યક્રમમાંથી સમય ફાળવીને બ્રહ્મવિહારીદાસ સ્વામીની આગેવાની હેઠળના દક્ષિણ આફ્રિકાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રતિનિધિ મંડળને મળ્યા હતા. આ મંડળે સંસ્થા દ્વારા જોહાનિસબર્ગમાં નિર્માણાધીન પંચશિખરયુક્ત બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર-સંકુલની વડાપ્રધાનશ્રીને માહિતી આપી હતી. વડાપ્રધાનશ્રી સમક્ષ અહીં રચાનાર મંદિરના ૩ડી મોડેલના પ્રેઝન્ટેશન સાથે આ સાંસ્કૃતિક સંકુલની વિવિધ છબિઓની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી હતી. સાથે સાથે આફ્રિકન દેશોમાં વર્ષોથી ગતિમાન બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગ અને આધ્યાત્મિક તેમજ સામાજિક સેવાકાર્યોનો પણ વિશેષ ચિતાર આપવામાં આવ્યો હતો.

બ્રહ્મવિહારીદાસ સ્વામીએ મંદિર અને સાંસ્કૃતિક સંકુલની માહિતી આપતાં વડાપ્રધાનશ્રીને જણાવ્યું હતું કે આ મંદિર વર્તમાન તેમજ આવનારી પેઢીમાં ભારતની સાંસ્કૃતિક વિરાસત અને આધ્યાત્મિકતાને જીવંત રાખશે. એટલું જ નહીં, આ મંદિર રેઈનબો નેશનમાં વસતા દરેક ધર્મ અને જાતિના લોકો વચ્ચે સંવાદિતા, સેવાભાવ અને પ્રેરણાનો સેતુ બની રહેશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મંદિર અંગેની વિગતો જાણ્યા પછી ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોને જાળવી રાખીને સમાજમાં શાંતિ અને એકતા સ્થાપવાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રેરણાદાયક પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેઓશ્રીએ કહ્યું હતું કે આ પ્રયાસના કારણે ભારત અને દક્ષિણ આફ્રિકાના સંબંધો વધુ ગાઢ બનશે. વડાપ્રધાનશ્રી સાથેની મુલાકાત બાદ BRICS શિખર પરિષદમાં પધારેલા પ્રતિનિધિઓને જોહાનિસબર્ગ ખાતે નિર્માણાધીન મંદિરની વિગતોથી માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ કોમ્યુનિટી બિલ્ડિંગમાં મંદિરની ભૂમિકાથી તેઓને અવગત કરવામાં આવ્યા હતા. શિખર પરિષદના પ્રતિનિધિઓએ આફ્રિકા ખાતે નિર્માણાધીન આ મંદિરના પ્રોજેક્ટની ખૂબ પ્રશંસા કરી બિરદાવ્યો હતો.

દક્ષિણ આફ્રિકા ખાતે આ બી.એ.પી.એસ. મંદિર સનાતન હિન્દુ ધર્મનો ઉદ્‌ઘોષ કરશે એવી સૌએ આશા વ્યક્ત કરી હતી. ◆

# પૂર્વ આફ્રિકામાં કેન્યાના સોટિક શહેરમાં રચાયેલા નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





કેન્યાના પશ્ચિમ દિશામાં આવેલા બોમેટ પ્રાંતના સોટિક શહેર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી રચાયેલા નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં તા. ૬-૯-૨૦૨૩ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી અહીં નૈરોબીના બી.એ.પી.એસ. મંદિરથી સંતોનું નિયમિત વિચરણ થઈ રહ્યું છે. પરિણામ સ્વરૂપે અહીં સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો છે. સત્સંગનો વ્યાપ વધતાં મંદિરની જરૂરિયાત ઊભી થઈ. સોટિકમાં વર્ષોથી નિવાસ કરતા સંનિષ્ઠ હરિભક્ત શ્રી કાંતિભાઈ પટેલના સુપુત્ર શ્રી અશ્વિનભાઈ, શ્રી મૂકેશભાઈ, શ્રી મૈનેષભાઈ અને શ્રી પરેશભાઈએ પોતાના વિશાળ નિવાસસ્થાન પરિસરમાં અલાયદા સભાગૃહ સાથેનું એક સુંદર બી.એ.પી.એસ. મંદિર રચ્યું છે. આ મંદિરમાં પ્રતિષ્ઠાવિધિના ઉપક્રમે બે દિવસીય ઉત્સવ યોજાયો હતો.

તા. ૫-૯-૨૦૨૩ના પ્રથમ દિને સંગીતજ્ઞ સંતો-યુવકોએ સંકીર્તન-ભક્તિ રજૂ કરી હતી. ત્યારબાદ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી.

તા. ૬-૯-૨૦૨૩ના રોજ સુપ્રભાતે પૂજ્ય પ્રિયવ્રતદાસ સ્વામી અને સંતોએ મંદિરના દ્વારશાખનું પૂજન કરીને, શ્રીફળ વધેરીને, નાડાછડી છોડીને વિધિવત્ રીતે મંદિરમાં મંગલ પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ અહીં વેદોક્ત મહાપૂજાવિધિની શરૂઆત થઈ. જેમાં અહીં વસતાં સૌ આબાલવૃદ્ધ ભાઈ-બહેનોએ આ પૂજાવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

મહાપૂજાવિધિ બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૪-૫-૨૦૨૨ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ મંદિરના કલાત્મક સિંહાસનમાં પૂજ્ય પ્રિયવ્રતદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ સૌએ ભક્તિભાવપૂર્વક અન્નકૂટ રચીને આરતી અર્ઘ્ય અર્પણ કરીને વિશેષ ધૂન-પ્રાર્થના કરી હતી.

પ્રતિષ્ઠાવિધિ બાદ પ્રાસંગિક સભા યોજાઈ હતી. જેમાં પૂજ્ય પ્રિયવ્રતદાસ સ્વામીએ બળભર્યાં પ્રેરક વચનો પાઠવીને સૌને નિયમિત મંદિર દર્શન અને સત્સંગસભાનો લાભ પ્રાપ્ત કરીને જીવનમાં ભગવાનની ભક્તિ દૃઢ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સદ્ગુરુ સંતોએ પણ વીડિયો દ્વારા આશીર્વાદ પાઠવ્યા હતા.

આમ, આ ઉત્સવ સૌ માટે અનેરી પ્રેરણાનું યાદગાર સંભારણું બની રહ્યો હતો. ◆

# કેનેડાના કેલગરી શહેરમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ



શીતભૂમિ કેનેડાના આલ્બર્ટા પ્રાંતમાં આવેલું કેલગરી મહાનગર કોર્પોરેટ ક્ષેત્રની ઑફિસોનું હબ ગણાય છે. ગગનચુંબી ઈમારતો માટે જાણીતા આ શહેરમાં તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી ભારતીય સંસ્કૃતિનો જયઘોષ કરતું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામ્યું છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર સંતોના વિચરણથી સન ૨૦૦૦માં કેલગરીમાં સત્સંગની શુભ શરૂઆત થઈ. સત્સંગનો વ્યાપ વધતાં અહીં મંદિરના નિર્માણની આવશ્યકતા ઊભી થઈ હતી. સમય જતાં રોકીવ્યૂ કાઉન્ટીમાં ભૂમિ સંપાદિત થઈ અને મંદિર નિર્માણનો મંગલ આરંભ થયો. સૌના ભક્તિભર્યા પુરુષાર્થથી જોતજોતાંમાં જ અહીં નૂતન મંદિર રચાઈ ગયું.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આર્ષદૃષ્ટિ તેમજ પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી રચાયેલા કેલગરીના આ નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૨૬ અને ૨૭ ઑગસ્ટ, ૨૦૨૩ દરમ્યાન ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ટોરન્ટોના સંતો તથા નોર્થ અમેરિકા અને ભારતના વડીલ સંતોના નેતૃત્વમાં સમગ્ર ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉત્સવના પ્રથમ દિને એટલે કે તા. ૨૬-૮-૨૦૨૩ના મંગલ પ્રભાતે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયાગ' યોજાયો હતો, જેમાં સેંકડો યજમાન યુગલોએ યજમાનપદે બિરાજીને યજ્ઞનારાયણને આહુતિ અર્પી હતી.

આ જ દિવસે નૂતન મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભવ્ય નગરયાત્રા યોજાઈ હતી. નગરયાત્રાના આરંભમાં ઉત્સવનાં બેનર સાથે ચાલતા યુવાનોએ નગરયાત્રાની આગેવાની કરી હતી. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મયૂરરથમાં બિરાજમાન થઈને સૌને દર્શનદાન આપી રહ્યા હતા. શ્રી નીલકંઠવર્ણી તથા ગુરુપરંપરાની મૂર્તિઓ કલાત્મક રથમાં વિરાજિત થઈ સૌ પર અમીદૃષ્ટિ કરી રહી હતી. સાથે સાથે ભગવાન શ્રી રામચંદ્રજી તથા સીતાજી, ભગવાન શ્રીકૃષ્ણ તથા રાધિકાજી તથા ભગવાન શ્રી શંકર તથા પાર્વતીજીના રથ નગરયાત્રાની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા હતા. પારંપરિક નૃત્યમાં થીરકતા યુવકો અને ભક્તોના જયનાદોએ સમગ્ર વાતાવરણને વિશેષ ભક્તિસભર બનાવી દીધું હતું. વળી, મસ્તક પર શાસ્ત્રો તથા કળશ ધારણ કરેલી મહિલાઓમાં તથા રાસ-ગરબા અને પારંપરિક નૃત્ય કરતી યુવતીઓમાં વિશેષ ભક્તિનું દર્શન થતું હતું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૬-૬-૨૦૨૩ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ કેલગરીના નવનિર્મિત મંદિરમાં તા. ૨૭-૮-૨૦૨૩ના રોજ સવારે નારાયણમુનિદાસ સ્વામી અને જ્ઞાનપ્રિયદાસ સ્વામી વગેરે સંતોની ઉપસ્થિતિમાં શાનદાર રીતે સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક ઉત્સવ સભામાં સંતોએ પ્રેરક





વક્તવ્યો દ્વારા મંદિર, સત્સંગ અને સત્પુરુષના મહિમાને દૃઢાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે નગરયાત્રા બાદ યોજાયેલા એક સમારોહમાં શ્રી રાજન સાહની (શિક્ષણમંત્રી, આલ્બર્ટા પ્રાંત) શ્રી મનીષજી (વૅનકુંવર ખાતેના ભારતના કોન્સલ જનરલ), શ્રી જશરાજસિંઘ હાલન (સાંસદ, કેલગરી ફૉરેસ્ટ લૉન), શ્રી જ્યોર્જ ચહલ (સાંસદ, કેલગરી સ્કાયવ્યૂ), શ્રી જ્યોતિ ગોંડેક (મેયર, કેલગરી), શ્રી સની સામરા (ડેપ્યુટી મેયર, રોકીવ્યૂ કાઉન્ટી), શ્રી માર્ક ન્યૂફેલ્ડ (ચીફ કોન્સ્ટેબલ, કેલગરી પોલીસ સર્વિસ), કોર્પોરલ જ્યોર્ડિ સિમ્પસન(ડાયવર્સ કમ્યુનિટિઝ એન્ગેજમેન્ટ યુનિટ, આલ્બર્ટા) વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહીને શુભેચ્છાઓ પાઠવી હતી. આલ્બર્ટાના પ્રીમિયર શ્રી ડેનિયલ સ્મિથે અભિનંદન સંદેશ પાઠવતાં જણાવ્યું હતું કે, 'બી.એ.પી.એસ. હિન્દુ સમાજના પ્રદાન અને તેની આધ્યાત્મિકતા અને સામાજિક સેવાઓની પ્રતિબદ્ધતા વિના આપણું રાજ્ય હાલ જેવું સરસ છે તેવું ન હોત.'

શ્રી રાજન સાહનીએ જણાવ્યું હતું કે, 'હિન્દુ સંસ્કૃતિના સમૃદ્ધ વારસાને આલ્બર્ટા રાજ્યના તમામ ક્ષેત્રના નાગરિકોમાં વહેંચવા અંગેની આ બી.એ.પી.એસ. મંદિરની પ્રતિબદ્ધતાને હું બિરદાવું છું. આ રાજ્યના નાગરિકો તરીકે સેવાના આદર્શો, જ્ઞાનનું અનુસરણ અને તમામ ધર્મો પ્રત્યે આદર વગેરે જે મૂલ્યોને આપણે માણીએ છીએ તે મૂલ્યોના પ્રસારમાં આ મંદિરની પ્રતિબદ્ધતા નોંધપાત્ર છે.'

ઈમિગ્રેશન અને મલ્ટિકલ્ચરલિઝમના પ્રધાન શ્રી મોહમ્મદ યાસીને પોતાના અભિનંદન પત્રમાં જણાવ્યું હતું કે, 'બી.એ.પી.એસ.નો આ સમુદાય આલ્બર્ટાના નાગરિકોની જીવનશૈલીમાં મૂલ્યવાન પ્રદાન કરનાર છે અને આપણા સમાજને સમૃદ્ધ અને સુદૃઢ કરવામાં બી.એ.પી.એસ.ના અનુયાયીઓનું સમર્પણ અનુકરણીય છે. આ મંદિર સાંસ્કૃતિક આદાનપ્રદાનના કેન્દ્ર તરીકે આપણા રાજ્યમાં પરસ્પર આદર અને મહાનતમ સમજને સુદૃઢ કરવામાં સહયોગ કરશે.'

શ્રી જ્યોર્જ ચહલે અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે 'છેલ્લાં ૧૦૦ વર્ષથી બી.એ.પી.એસ. સંસ્થા સમાનતા, આદર અને સૌ માટે કરુણાના હિન્દુ સંસ્કૃતિના વૈશ્વિક સિદ્ધાંતોને પ્રસરાવવા માટે અથાક પ્રયત્નો કરી રહી છે. વધુ ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણ માટે તેમજ અમારા સૌમાં એકતા લાવવા માટે કેલગરીમાં આપની સંસ્થા અને સ્વયંસેવકો સમાજમાં પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે.'

મેયર શ્રી જ્યોતિ ગોંડેકે જણાવ્યું હતું કે, 'નૂતન બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે આજના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે કેલગરીના હિન્દુ સમાજને અભિનંદન!'

રોકીવ્યૂ કાઉન્ટીના કાઉન્સિલર રીવ ક્રિસ્ટલ કિસલેએ જણાવ્યું હતું કે, 'સમગ્ર કૅનેડામાં સ્વામિનારાયણ સંપ્રદાયના સમૃદ્ધ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાનું પ્રસારણ અને સંવર્ધન કરવા માટેની આપની પ્રતિબદ્ધતા અને સમર્પણને અમે બિરદાવીએ છીએ. ◆

# ઑસ્ટ્રેલિયાના ટાઉન્સવિલ શહેર ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





ઑસ્ટ્રેલિયાના સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ક્વીન્સલેન્ડ રાજ્યના ઉત્તર-પૂર્વીય દરિયાકાંઠે વસેલા રમણીય શહેર ટાઉન્સવિલ ખાતે રચાયેલા નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

ઑસ્ટ્રેલિયામાં વસતા ભારતીય સત્સંગીઓ-ભાવિકોમાં ભારત પ્રત્યેનું ગૌરવ જળવાય, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અસ્મિતા જાગે અને સંપ્રદાયના પાયાના સિદ્ધાંતો સુદૃઢ થાય તે માટે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી એશિયા-પેસેફિક દેશોના અનેક પ્રાંતોમાં છેલ્લા ચાર દાયકાથી સંતો અવિરત વિચરણ કરી રહ્યા છે. તેઓના આ ભક્તિસભર પુરુષાર્થને પરિણામે ટાઉન્સવિલમાં પણ સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો છે. આ સત્સંગને વિશેષ પોષણ મળે તે માટે અહીં મંદિરની જરૂરિયાત ઊભી થઈ. હરિભક્તોના ભક્તિમય પુરુષાર્થથી બાઉન્ડ્રી સ્ટ્રીટ ખાતે રચાયેલા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સૌ હરિભક્તોની ઉપસ્થિતિમાં આનંદપૂર્વક યોજાઈ ગયો.

આ ઉત્સવનો મંગલ આરંભ તા. ૨-૯-૨૦૨૩ના રોજ ભવ્ય નગરયાત્રાથી થયો. ટાઉન્સવિલ એક્સપ્લાનેડના માર્ગ પર આરંભાયેલી આ નગરયાત્રાનો પ્રસ્થાનવિધિ શહેરના મેયર શ્રી જેની હિલ અને ક્વીન્સલેન્ડ પોલીસ ઈન્સ્પેક્ટર જેકી હનીવૂડ તથા પોલીસદળના અન્ય સભ્યોએ કરાવ્યો હતો. વિવિધ આકર્ષણોથી યુક્ત આ નગરયાત્રામાં મોટી સંખ્યામાં ભારતીયો પારંપરિક પરિવેશમાં સજ્જ બનીને સામેલ થયા હતા. કલાત્મક મયૂરરથમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. હરિભક્તોના જયજયકાર અને ભક્તિસભર નૃત્યોની રંગત જમાવતી આ યાત્રા સ્થાનિકો માટે આશ્ચર્ય અને અહોભાવ ઉપજાવનારી બની રહી હતી. સંધ્યાસભામાં સંગીતજ્ઞ સંતો અને યુવકોએ કીર્તન આરાધના રજૂ કરી હતી.

તા. ૩ સપ્ટેમ્બરનો સૂર્ય અહીં વસતા ભારતીયો માટે એક નવીન આશાઓ લઈને ઊગ્યો હતો. પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે અટલાદરામાં તા. ૧૨-૧-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ કલાત્મક સિંહાસનોમાં વૈદિક પરંપરા અનુસાર સંતોએ સંપન્ન કર્યો હતો. પ્રાસંગિક સમારોહમાં જોઈન્ટ સ્ટેન્ડિંગ કમિટી ઓન ટ્રીટીઝના ડેપ્યુટી ચેર શ્રી ફિલિપ થોમ્પસન, ટાઉન્સવિલના પૂર્વ કાઉન્સિલર અને એલએનપીના સભ્ય સુશ્રી નતાલી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

આમ, ઑસ્ટ્રેલિયામાં કુદરતી સૌંદર્યથી હર્યાભર્યા આ વિસ્તારમાં વધુ એક હિન્દુ મંદિરનું નિર્માણ થતાં સત્સંગની હરિયાળી છવાઈ જતાં સ્થાનિક ભક્ત સમુદાયમાં આનંદની લહેરખી છવાઈ ગઈ હતી. ◆

# બોટાદમાં શ્રી પ્રમુખસ્વામી નગર ખાતે રચાયેલા નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





અક્ષરધામ તુલ્ય બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર સારંગપુર અને ગઢડા તીર્થસ્થાનની મધ્યમાં આવેલા બોટાદ શહેરમાં વર્ષોથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગ ગતિમાન છે. ભગવાન સ્વામિનારાયણ અને તમામ ગુણાતીત ગુરુવર્યોની પદરજથી પાવન થયેલા આ શહેરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૯૦માં બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર રચ્યું હતું. ત્યારથી દિન-પ્રતિદિન શહેરના વિકાસ સાથે સત્સંગ પણ નવપલ્લવિત થઈ રહ્યો છે.

અહીં વર્ષોથી વિચરણ કરતા યોગમુનિદાસ સ્વામી, વિનમ્રસેવાદાસ સ્વામી, પ્રિયકીર્તનદાસ સ્વામી અને કાર્યકરોના સેવાનિષ્ઠ પ્રયાસથી સત્સંગનાં બીજ અંકુરિત થવા લાગ્યાં. વર્ષ ૨૦૦૫માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તેઓ સમક્ષ ઉપસ્થિત રહેલા કાર્યકરોને કોલ આપ્યો હતો કે 'જો આટલા (કાર્યકરો) જાગે તો બોટાદ રંગાઈ જાય.' એ આશીર્વાદના પ્રતાપે સત્સંગનો વ્યાપ વિસ્તરતાં બોટાદનાં અક્ષરપાર્ક, અશોકવાટિકા, પ્રમુખપાર્ક, યોગીનગર વગેરે પરાં વિસ્તારોમાં મંદિરો નિર્માણ પામ્યાં છે. આ શૃંખલામાં તાજેતરમાં વધુ એક મંદિર 'પ્રમુખસ્વામી નગર' વિસ્તારમાં રચાયું છે.

સન ૨૦૦૫માં ગઢડા રોડ પર આવેલા શ્રી પ્રમુખસ્વામી નગર વિસ્તારમાં સંનિષ્ઠ હરિભક્ત ડૉ. પ્રાગજીભાઈ વાઘાણી તથા શ્રી વિઠ્ઠલભાઈ કાકડિયાએ મંદિર માટે ભૂમિ અર્પણ કરી હતી. સન ૨૦૧૮માં જ્ઞાનેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં આ મંદિરનો ખાતવિધિ યોજાયો અને મંદિર નિર્માણકાર્યની શરૂઆત થઈ હતી. આ મંદિર નિર્માણ તથા પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની સેવા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી સ્વામીશ્રીના કૃપાપાત્ર હરિભક્ત ડૉ. કનુભાઈ ધાનાણીએ કરી હતી. આ રીતે સૌના ભક્તિમય પુરુષાર્થથી મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું હતું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે ત્રિદિવસીય પારાયણ યોજાયું. તેમાં સોમપ્રકાશદાસ સ્વામીએ બિરાજીને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. તા. ૩૦-૫-૨૦૨૩ના રોજ અહીં ઉત્સવ ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. તા. ૩૧-૫-૨૦૨૩ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર નગરયાત્રા બોટાદના માર્ગો પર યોજાઈ હતી.

તા. ૧-૬-૨૦૨૩ના રોજ મહાપૂજાવિધિ બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૭-૩-૨૦૨૩ના રોજ પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલા સમારોહમાં સંતોએ આશીર્વચનનો લાભ આપ્યો હતો. ◆

# ભરૂચ-અંકલેશ્વરમાં પૂરગ્રસ્તોની વહારે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતો-સ્વયંસેવકો

તાજેતરમાં સપ્ટેમ્બર માસમાં નર્મદા નદીના ઉપરવાસ વિસ્તારમાં વરસાદની અનરાધાર હેલી વરસતાં ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમના ઓવર ફ્લો થવાની સ્થિતિ સર્જાઈ હતી. આ સંજોગોમાં ડેમમાંથી આશરે ૧૮ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવતાં નર્મદા નદીમાં અચાનક પૂરની પરિસ્થિતિ ઊભી થઈ હતી. પરિણામે ભરૂચ જિલ્લાના કાંઠા વિસ્તારનાં અને અંકલેશ્વર વિસ્તારનાં અનેક ગામોમાં નર્મદાનાં પૂર ફરી વળ્યાં હતાં. સેંકડો ઘરોમાં ૮ થી ૧૦ ફૂટ જેટલાં પાણી ઘૂસી ગયાં હતાં. પશુઓના તબેલાઓમાં પણ પૂરનું પાણી પ્રવેશી જતાં આ વિસ્તારમાં સમગ્ર જનજીવન અને પશુજીવન ખોરવાઈ ગયું હતું.

પૂરને કારણે સર્જાયેલી આ વિકટ પરિસ્થિતિમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી અસરગ્રસ્તોને બનતી ત્વરાએ જરૂરી સહાય મળી રહે તે હેતુથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ભરૂચ મંદિરના સંતો અને પુરુષ-મહિલા સ્વયંસેવકો દ્વારા ૨૦,૦૦૦થી વધારે પૌષ્ટિક ફૂડપેકેટ્સ તૈયાર કરી પૂરગ્રસ્તોને પહોંચાડવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ૧૦,૦૦૦થી પણ વધારે અસરગ્રસ્તોને પૂરી, શાક, ખીચડી, દાળ, ભાત વગેરેનું ગરમાગરમ ભોજન પણ જમાડવામાં આવ્યું હતું.

નર્મદા નદીના ભરૂચ પાસેનાં કાંઠા વિસ્તારનાં ગામો જેવાં કે શુક્લતીર્થ, મંગલેશ્વર, નિકોરા, કડોદરા અને બેટ વિસ્તાર તથા અંકલેશ્વર વિસ્તારના હાસોંટ રોડની અનેક સોસાયટીનાં પૂરગ્રસ્ત ઘરો તથા દીવા, દીવી, છાપરા, બોરભાઠા વગેરે પૂરગ્રસ્ત ગામોમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા તાત્કાલિક ધોરણે આ રાહતકાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. તે સાથે પૂરગ્રસ્ત અનેક પશુપાલકોનાં પશુઓને ઘાસચારો મળી રહે તે હેતુથી ટનબંધ સૂકા તથા લીલા ઘાસચારાનું પણ સંસ્થા દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.

ભોજન સાથે અસરગ્રસ્તોને પોશાક પણ મળી રહે તે હેતુથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વસ્ત્રવિતરણનું કાર્ય પણ કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, અસરગ્રસ્ત પરિવારોનો ઘણા દિવસો સુધી જીવનનિર્વાહ થઈ શકે તે માટે પરિવારદીઠ રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંતો અને સ્વયંસેવકોએ જહેમતપૂર્વક તૈયાર કરેલી પ્રત્યેક રાશનકીટમાં ૨૦ કિલોગ્રામ ખાદ્યસામગ્રી, જેમાં ઘઉંનો લોટ, ચોખા, દાળ, ખાદ્યતેલ, ખાંડ, હળદર, મરચું, ધાણાજીરું, રાઈ, મીઠું, શાકભાજી વગેરે ખાદ્યસામગ્રીનો સમાવેશ થતો હતો. આવી અંદાજિત ૧,૦૦૦ કરતાં પણ વધુ રાશનકીટ અસરગ્રસ્ત પરિવારોને પહોંચાડવામાં આવી હતી.

આફતના આ દિવસોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ભરૂચના સંતો અને સ્વયંસેવકોએ અપાર પરિશ્રમ કરીને જ્યાં જરૂર પડે ત્યાં કાદવ ખૂંદીને, કેડ સમાં પાણીમાં ચાલીને અને નાવમાં બેસીને પણ બેટ વિસ્તારોનાં અનેક અસરગ્રસ્ત ગામો તેમજ લોકો સુધી પહોંચી સેવાનું ઉમદા કાર્ય કર્યું હતું. સંસ્થાના સંતો-સેવકોની આ નિઃસ્વાર્થ સેવાથી રાહત પામેલા હજારો અસરગ્રસ્તોએ હૃદયપૂર્વક બી.એ.પી.એસ. સંસ્થા પ્રત્યે આભાર વ્યક્ત કર્યો છે. ◆





# રાજકોટ બી.એ.પી.એસ. મંદિરના રજતજયંતી પર્વે યુવાપ્રવૃત્તિ દ્વારા યોજાઈ મંદિર-દર્શન યાત્રા શિબિર





બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, રાજકોટના રજતજયંતી વર્ષ ઉપક્રમે યુવા પ્રવૃત્તિ દ્વારા એક વિશિષ્ટ શિબિર-યાત્રા તા. ૧ થી ૫ સપ્ટેમ્બર દરમ્યાન યોજાઈ હતી. 'My Mandir My Home — A place for Seva -Bhakti-Upasana' શીર્ષક હેઠળ યોજાયેલી આ શિબિરમાં ૯૫૦ જેટલાં સુશિક્ષિત અને સુશીલ યુવક-યુવતીઓએ બોચાસણ, ભરૂચ, નવસારી, સેલવાસ, નાસિક, મુંબઈ, તીથલ અને ચાણસદના મંદિરોમાં દર્શનયાત્રા કરી હતી.

એક તરફ આજની યુવાપેઢી આધુનિક યુગના વિવિધ પ્રલોભનોથી અંજાઈને પોતાની કારકિર્દી અને સંસ્કારોનો વિનાશ કરી રહી છે ત્યારે રાજકોટની બી.એ.પી.એસ. યુવા પ્રવૃત્તિએ આ શિબિર-યાત્રાના અદ્‌ભુત આયોજન દ્વારા યુવાનોમાં શાસ્ત્ર, મંદિર અને સંસ્કૃતિની અસ્મિતા જગાવી હતી. શિબિર યાત્રાની સાથે સાથે ભરૂચ, નવસારી, સેલવાસ, નાસિક, મુંબઈ, તીથલ અને ચાણસદ એમ કુલ ૭ શિબિર સત્રો દરમ્યાન શિબિરાર્થીઓને અનિર્દેશદાસ સ્વામી, આદર્શજીવનદાસ સ્વામી અને પૂજ્ય વિવેક-સાગરદાસ સ્વામીના પ્રેરક પ્રવચનો તેમજ યુવાનો દ્વારા રજૂ થયેલા સંવાદ, સ્કિટ, નૃત્ય, ક્વિઝ અને વર્કશોપ આદિ રસપ્રદ કાર્યક્રમોનો લાભ પ્રાપ્ત થયો હતો.

નવસારી અને નાસિક મંદિર પરિસરમાં યુવક-યુવતીઓ દ્વારા થયેલી સમૂહપૂજા અને નાસિકમાં ખાનદેશી પ્રમુખરાજ બેન્ડ દ્વારા થયેલી નાસિક ઢોલની અદ્‌ભુત પ્રસ્તુતિ નિહાળી સૌના અંતરમાં સત્સંગની અનેરી અસ્મિતા ઉજાગર થઈ હતી.

આ યાત્રા દરમ્યાન અપૂર્વમુનિદાસ સ્વામી અને સંતોએ યુવાનોને નાસિકના કાલારામ મંદિર, શ્રીલક્ષ્મણ શેષનાગ મંદિર, સીતા ગુફા, પંચવટી અને કપિલા સંગમના દર્શન કરાવી સનાતન ધર્મનો યથાર્થ ઇતિહાસ અને મહિમા સમજાવ્યો હતો. સાથે સાથે ભગવાન શ્રીરામ, ભગવાન શ્રી સ્વામિનારાયણની પદરજ, ગુણાતીત સત્પુરુષો અને કુંભમેળા સમયે લાખો પવિત્ર સંતો - મહંતો અને ભક્તોના સ્પર્શથી પાવન થયેલી ગોદાવરી નદીનાં જળથી શિબિરાર્થીઓ પરિવાર - સમાજ અને મહાન ભારતના ઉત્કર્ષ માટે તન-મન અને ધનથી સમર્પિત થઈ સેવામય જીવન જીવવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા.

શિબિરના અંતે સૌ શિબિરાર્થીઓએ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યસ્થાન ચાણસદમાં અન્નકૂટ અને સમૂહ આરતીનો લાભ પ્રાપ્ત કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો. સાથે સાથે નારાયણ સરોવરનું પવિત્ર જળ હાથમાં ગ્રહણ કરીને સૌએ આદર્શ યુવક-યુવતી બનવાની પ્રતિજ્ઞા કરી હતી. ◆

# સારંગપુરના બી.એ.પી.એસ. મંદિરમાં યોજાઈ તબીબી વિદ્યાર્થીઓ માટે મૅડિકો સ્પિરિચ્યુઅલ કોન્ફરન્સ



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી તબીબી વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં નૈતિકતા, પ્રામાણિકતા, સેવાભાવના આદિ સદ્‌ગુણોનું સિંચન થાય અને તેના દ્વારા સ્વસ્થ અને સદાચારી સમાજનું સર્જન થાય તે માટે પ્રતિવર્ષ 'Medico Spiritual Student Conference'નું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સારંગપુર ખાતે તા. ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર-૨૦૨૩ દરમ્યાન આ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં ગુજરાતમાં મૅડિકલ ક્ષેત્રની એમ.બી.બી.એસ., આયુર્વેદ, હોમિયોપથી, ડેન્ટલ અને ફિઝિયોથેરાપી વિદ્યાશાખામાં અભ્યાસ કરતાં આશરે ૪૦૦ તબીબી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ સહભાગી થયાં હતાં.

'નિષ્ઠાવાન ભવ'ના કેન્દ્રવર્તી વિચાર હેઠળ યોજાયેલી આ મૅડિકલ કોન્ફરન્સમાં યુવકો-યુવતીઓએ સિદ્ધાંતનિષ્ઠા, સ્વધર્મનિષ્ઠા, કર્તૃત્વનિષ્ઠા, સેવાનિષ્ઠા અને ગુરુનિષ્ઠાને દૃઢ કરી હતી.

આ કોન્ફરન્સમાં જ્ઞાનેશ્વરદાસ સ્વામી, આત્મતૃપ્તદાસ સ્વામી, આદર્શજીવનદાસ સ્વામી, ભક્તિસાગરદાસ સ્વામી વગેરે વિદ્વાન અને અનુભવી સંતોએ મધ્યવર્તી વિચારને કેન્દ્રમાં રાખી વિભિન્ન વિષયો પર પ્રેરણાબોધ આપ્યો હતો. પ્રવચનો ઉપરાંત વર્કશોપ, વીડિયો, પેનલ ડિસ્કશન, ક્વિઝ, ગોષ્ઠિ દ્વારા યુવકો અને યુવતીઓ નિષ્ઠાવાન તબીબ થવા કટિબદ્ધ થયાં હતાં. ◆



# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## સેન્ટ લુઇસ ખાતે નીલકંઠવર્ણી પ્રતિષ્ઠા ઉત્સવ



અમેરિકામાં સેન્ટ લુઈસ ખાતે આવેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૨૩-૭-'૨૩ના રોજ શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિનો સ્થાપનવિધિ યોજાયો હતો. તે ઉપક્રમે શહેરના માર્ગો પર મૂર્તિની ભક્તિસભર પાલખીયાત્રા યોજાઈ હતી. ત્યારબાદ મંદિરમાં સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલા વેદોક્ત મહાપૂજા વિધિ બાદ મૂર્તિનો સ્થાપનવિધિ સંપન્ન થયો હતો. અન્નકૂટ અને આરતી અર્ઘ્ય પછી સંતોએ અને હરિભક્તોએ પ્રતિષ્ઠિત મૂર્તિ પર જળાભિષેક કરીને મંગલ પ્રાર્થનાઓ કરી હતી. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં પૂજ્ય સંતોએ આશીર્વચનો પાઠવ્યા હતા. ◆

## આફ્રિકન દેશોમાં યોજાઈ કિશોર શિબિર - ૨૦૨૩




બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આફ્રિકન દેશોનાં ચાર શહેરો નૈરોબી(કેન્યા), દાર-એ-સલામ(ટાન્ઝાનિયા), મેફેર(દક્ષિણ આફ્રિકા) અને કમ્પાલા(યુગાન્ડા)માં કિશોર-કિશોરીઓની રાષ્ટ્રીય શિબિરનું આયોજન તા. ૩૦ જૂનથી ૨૦ ઑગસ્ટ દરમ્યાન થયું હતું. 'સુખનો માર્ગ' વિષયક આ શિબિરમાં કુલ ૧૧૧૫ કિશોર-કિશારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ શિબિરોમાં વિદ્વાન સંતોના મધ્યવર્તી વિચારને દૃઢાવતાં વ્યાખ્યાનો અને તેને પુષ્ટ કરતા સ્વામીશ્રીના વીડિયો આશીર્વાદ સાથે સાથે પ્રશ્નોત્તરી, ગ્રૂપચર્ચા, ગોષ્ઠિ વગેરે વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ દ્વારા સૌએ સેવા અને સત્સંગના વિશેષ પાઠ આત્મસાત્ કર્યા હતા. ◆

## કેલિફોર્નિયા વિધાનસભામાં સંતોનું સન્માન



ભારતવર્ષની યુગોપુરાણી વેદાંત પરંપરામાં બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંત મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ આપેલા અનન્ય પ્રદાન બદલ તા. ૨૪-૮-૨૦૨૩ના રોજ યુ.એસ.એ.ના કેલિફોર્નિયા રાજ્યની વિધાનસભામાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સંતમંડળનું ઉષ્માભર્યું સ્વાગત સ્ટેટ એસેમ્બલીના સભ્ય એલેક્સ લી, એશ કાલરા અને સેનેટર ડેવ કોર્ટીસે કર્યું હતું. સાથે સાથે સ્ટેટ લાઈબ્રેરીમાં પણ 'સ્વામિનારાયણ ભાષ્યમ્' અને 'સત્સંગદીક્ષા' શાસ્ત્રને કાયમી સ્થાન આપ્યું હતું. નાયબ ગ્રંથપાલ શ્રી રેબેકા વેન્ડટ, શ્રી એલેક્સ વાસર તેમજ એસેમ્બલીના મેમ્બરોએ આ ઘટનાને ગૌરવપ્રદ ગણાવી હતી. ◆

# સત્સંગ શિક્ષણ પરીક્ષા - દેશનાં કેન્દ્રોનું પરિણામ - જુલાઈ ૨૦૨૩

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પ્રતિ વર્ષ સત્સંગ શિક્ષણ પરીક્ષાઓ યોજાય છે. દેશ-વિદેશનાં કેન્દ્રોમાં લેવાતી આ પરીક્ષાઓ દ્વારા હજારો આબાલવૃદ્ધો ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો તથા સંપ્રદાયની ઉપાસનાનું પાયાનું જ્ઞાન અને સંસ્કાર મેળવે છે.

૨૦૨૩ના વર્ષમાં જુલાઈ માસમાં લેવાયેલ પરીક્ષા અંતર્ગત દેશનાં **૫૫૦** પરીક્ષા કેન્દ્રોમાં હરિભક્તો માટેની સત્સંગ પ્રારંભ પરીક્ષાથી માંડીને અનુસ્નાતક કક્ષાની પ્રાજ્ઞ તૃતીય ખંડ સુધીની ૭ પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં **૧૬,૫૩૯** પરીક્ષાર્થીઓ બેઠા હતા. તેમાંથી કુલ **૪૨.૭૧** ટકા પરિણામ સાથે **૭,૦૬૪** પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

**– પરીક્ષા વ્યવસ્થાપક**

## પારિતોષિક વિજેતાઓની યાદી

### સત્સંગ પ્રારંભ (કુલ ગુણ ૧૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | આશાબહેન અશોકકુમાર ગાંધી | ૯૮ | ગુજ.હા.બોર્ડ, સુરત |
| ૨. | કૃણાલ પંકજભાઈ પરમાર | ૯૭ | દીપાંજલિ, જૂનાગઢ |
| ૨. | શ્વેતાબહેન શૈલેશભાઈ મોલિયા | ૯૭ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૩. | કનુભાઈ મનસુખરામ મોદી | ૯૬ | નવા વાડજ, અમદાવાદ |
| ૩. | ભાવનાબહેન ગૌરાંગભાઈ પટેલ | ૯૬ | સેક્ટર-૨, ગાંધીનગર |
| ૩. | પારુલબહેન નીલેશભાઈ બાલધા | ૯૬ | એ.જી. સોસાયટી, રાજકોટ |
| ૪. | મનીષા સતીશ દરજી | ૯૫ | પ્રોપર બોમ્બે, મુંબઈ |
| ૪. | પ્રાપ્તિ મહેશભાઈ તાળા | ૯૫ | જામનગર |
| ૪. | કૌશિકકુમાર ચંદુલાલ પટેલ | ૯૫ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૪. | મંજુલાબહેન કાંતિલાલ પરમાર | ૯૫ | ચાંદખેડા, અમદાવાદ |
| ૪. | શૈલેષભાઈ જાદવભાઈ મોલિયા | ૯૫ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૪. | રુશિકા મયૂર ચોટલિયા | ૯૫ | પ્રમુખનગર, ગાંધીનગર |
| ૫. | દક્ષાબહેન મૂકેશભાઈ માંગુકિયા | ૯૪ | શ્રીજીનગર, સુરત |
| ૫. | અંજલિ મનીષભાઈ હિંગુ | ૯૪ | અક્ષરધામ, રાજકોટ |
| ૫. | ભૂમિબહેન સમીરભાઈ મિયાણી | ૯૪ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૫. | રિંકલબહેન મનોજભાઈ વઘાસિયા | ૯૪ | અક્ષરધામ વિદ્યાલય, સુરત |
| ૫. | કુંતલબહેન દેવેશભાઈ પટેલ | ૯૪ | સમા, વડોદરા |

### સત્સંગ પ્રવેશ (કુલ ગુણ ૧૫૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | નિકીશાબહેન વિપુલભાઈ પટેલ | ૧૪૩ | સાયન્સસિટી,અમદાવાદ |
| ૨. | રીનાબહેન સંજયકુમાર વિઠ્ઠલપરા | ૧૪૧ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૩. | મીતા ચેતનકુમાર પ્રજાપતિ | ૧૪૦ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૩. | ધીરજલાલ ત્રિભોવનદાસ પટેલ | ૧૪૦ | કોલેજ રોડ, સુરેન્દ્રનગર |
| ૪. | શિલ્પાબહેન વિનોદભાઈ પિપળિયા | ૧૩૯ | શિવછાયા, સુરત |
| ૫. | રમેશભાઈ શંકરભાઈ પટેલ | ૧૩૭ | ઉધના, સુરત |
| ૫. | અશ્વિનભાઈ હરજીભાઈ હીરપરા | ૧૩૭ | રાયસણ, ગાંધીનગર |
| ૫. | નિકીતાબહેન પંકજભાઈ વિઠ્ઠલપરા | ૧૩૭ | કોલેજ રોડ, સુરેન્દ્રનગર |
| ૫. | રેખાબહેન જિજ્ઞેશભાઈ પટેલ | ૧૩૭ | અટલાદરા, વડોદરા |

### સત્સંગ પરિચય (કુલ ગુણ ૧૫૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | સ્નેહાબહેન પ્રિયાંકભાઈ પટેલ | ૧૩૫ | મણિનગર, અમદાવાદ |
| ૨. | જગદીશકુમાર માધવલાલ પંચાલ | ૧૩૩ | અક્ષર બંગ્લોઝ, ગાંધીનગર |
| ૩. | ધારાબહેન નિહારભાઈ શુક્લ | ૧૩૧ | પુણે |
| ૩. | હીરલબહેન શૈલેશભાઈ વેકરિયા | ૧૩૧ | એ.જી. સોસાયટી, રાજકોટ |
| ૪. | મમતાબહેન દીપકભાઈ છેટા | ૧૩૦ | ભાયંદર, મુંબઈ |
| ૫. | હેતલબહેન અતુલભાઈ પટેલ | ૧૨૮ | સેક્ટર-૬, ગાંધીનગર |
| ૫. | જ્યોત્સનાબહેન ગિરીશભાઈ પટેલ | ૧૨૮ | પાળજ, સોજીત્રા |
| ૫. | ડૉ. હીરેનભાઈ દિલીપભાઈ મોદી | ૧૨૮ | શાહીબાગ, અમદાવાદ |

### સત્સંગ પ્રવીણ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | લતાબહેન જિજ્ઞેશભાઈ વઘાસિયા | ૧૮૫ | અડાજણ, સુરત |
| ૨. | નિકુંજ દાનાભાઈ મોકરિયા | ૧૮૩ | શાયોના તિલક, અમદાવાદ |
| ૩. | રેખાબહેન ધિરેનભાઈ ગજ્જર | ૧૭૭ | સેટેલાઇટ, અમદાવાદ |
| ૪. | નીલમબહેન જિજ્ઞેશભાઈ સુથાર | ૧૭૫ | શાયોના તિલક, અમદાવાદ |
| ૫. | નયનાબહેન શંકરલાલ પટેલ | ૧૭૦ | એરપોર્ટ, અમદાવાદ |
| ૫. | મનીષાબહેન દીપકભાઈ રાણા | ૧૭૦ | મીરા રોડ, મુંબઈ |

### સત્સંગ પ્રાજ્ઞ - ૧ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | ભૂમિકા અરવિંદભાઈ પટેલ | ૧૮૧ | બેંગલોર, દક્ષિણ ભારત |
| ૨. | હેતલબહેન મેહુલભાઈ ચૌહાણ | ૧૭૧ | અક્ષર મંદિર, ગોંડલ |
| ૩. | શૈલેશભાઈ મનુભાઈ પટેલ | ૧૭૦ | અટલાદરા, વડોદરા |
| ૪. | અનિરાજ સનતભાઈ મારુ | ૧૬૮ | આનંદનગર, ભાવનગર |
| ૫. | હિનાબહેન પરેશભાઈ સુરાણી | ૧૬૫ | શ્રદ્ધાપાર્ક, રાજકોટ |

### સત્સંગ પ્રાજ્ઞ - ૨ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | મીનાબહેન સુરેશભાઈ જાની | ૧૭૩ | માંજલપુર-૨, વડોદરા |
| ૨. | આશાબહેન હરેશભાઈ કાસોદરિયા | ૧૬૮ | શ્રીજીનગર, સુરત |
| ૩. | અંજનાબહેન સ્નેહલભાઈ પટેલ | ૧૬૫ | હરિદર્શન, સુરત |
| ૪. | ધર્મિષ્ઠાબહેન અરવિંદભાઈ પારેજિયા | ૧૬૩ | શ્રદ્ધાદીપ, સુરત |
| ૫. | કુંદનબહેન ઘનશ્યામભાઈ માયાણી | ૧૬૧ | શ્રદ્ધાદીપ, સુરત |

### સત્સંગ પ્રાજ્ઞ - ૩ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | ગીતાબહેન શૈલેશભાઈ પટેલ | ૧૬૮ | અટલાદરા, વડોદરા |
| ૨. | નીપાબહેન પરેશભાઈ શાહ | ૧૬૬ | કાંદિવલી (વેસ્ટ), મુંબઈ |
| ૩. | જયનાબહેન સુશીલભાઈ પરમાર | ૧૬૪ | મોરબી |
| ૪. | મયૂરીબહેન જૈમિનભાઈ ચોટલિયા | ૧૬૧ | અડાજણ સંસ્કારધામ, સુરત |
| ૪. | કૃતિકા ધીરેનભાઈ પટેલ | ૧૬૧ | મણિનગર, અમદાવાદ |
| ૫. | કુસુમ ચંદ્રકાંત મિસ્ત્રી | ૧૫૮ | અંધેરી (ઈસ્ટ), મુંબઈ |
| ૫. | ઊર્વિબહેન તુષારભાઈ પટેલ | ૧૫૮ | છાણી જકાતનાકા-૧, વડોદરા |

(અનુસંધાન પૃષ્ઠ ૧૦ પરથી)
મહાનુભાવાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, અચિંત્યાનંદ વર્ણી જેવા વેદ-વેદાંતના પ્રકાંડ વિદ્વાન સંતોનું સંસ્કૃત સાહિત્ય ઘણું જ છે, જેમાં ભગવાન સ્વામિનારાયણની હયાતીમાં જ તેમની પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તરીકે સ્તુતિ, વંદના, આરાધના કરવામાં આવી છે.

આ સંતોએ પ્રસ્થાનત્રયી ઉપરનાં ભાષ્યો તેમજ 'સત્સંગિજીવન', અઢાર હજાર શ્લોકોયુક્ત 'શ્રી હરિલીલાકલ્પતરુ', 'શ્રી હરિદિગ્વિજય', 'સત્સંગિભૂષણ', 'હરિકૃષ્ણલીલામૃત' આદિ શ્રીજીનાં ચરિત્રના વિશાળકાય ગ્રંથોનું નિર્માણ કર્યું છે. 'હરિવાક્ય સુધાસિંધુ', 'જ્ઞાનવિલાસ,', 'પ્રશ્નોત્તરસાગર', 'બુદ્ધિપ્રદીપ', 'ભક્તિસિદ્ધિ' આદિ ઘણા તાત્ત્વિક અને ધાર્મિક ગ્રંથો ઉપરાંત ભાગવત આદિ પુરાણોનાં ભાષ્યો અને ધર્મશાસ્ત્રોનાં ભાષ્યો પણ લખાયાં. શ્રીજીમહારાજના સમયનું આ ગીર્વાણ સાહિત્ય એ સ્વામિનારાયણીય સાહિત્ય સિંધુમાં અમૃત સમાન છે. સંસ્કૃત વિશારદોએ આનાં મુક્તકંઠે વખાણ કર્યાં છે અને આ સાહિત્ય ઉપર ઘણા શોધનિબંધો પણ રચાયા છે.

પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી, દયાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી આદિ સંતકવિઓએ તો પદ્ય સાહિત્યમાં આડો આંક વાળ્યો છે. અનેક મહાનિબંધો પણ આ રચનાઓ ઉપર લખાયા છે. સાંપ્રદાયિક કવિઓની, શ્રીજીને મધ્યબિંદુમાં રાખી રચાયેલી આ રચનાઓમાં અધ્યાત્મની ચરમસીમા વિશેષ જોવા મળે છે.

કહેવત છે કે 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી.' તેમ આ સંત પરમાત્માના અનુભવી હતા એટલે જ તેમનાં કાવ્યો હૃદય સોંસરવાં ઊતરી જાય છે.

એક જ સંપ્રદાયના આટ આટલા સમકાલીનોએ એક જ ઈષ્ટદેવને મધ્યબિંદુમાં રાખી વિવિધ ભાષાઓમાં આટલા વિપુલ પ્રમાણમાં વીણાવાદિની વાગીશ્વરીને સાહિત્યનો આવો જે રસથાળ આપ્યો છે તે વિશ્વના સાહિત્ય-ઈતિહાસમાં વિરલ પ્રસંગ છે. ગુજરાતની આ પણ એક અનોખી અસ્મિતા છે.

કવિવર ન્હાનાલાલ કહે છે : 'આ યુગના કોઈ પણ નવસંપ્રદાયમાં હજી નથી જન્મી એવી ને એટલી સ્વામિનારાયણ સંપ્રદાયની કવિતા છે. દયારામનાં તાલાવેલી, ઉછળાટ ને આવેગ, નરસિંહનાં ભરવેગ ભાવપૂર, મીરાંનું લાડસોહામણું લાવણ્ય, ભોજાના ચાબખા, અખાના હથોડા, ધીરાની કાફીઓ, રત્નાના મહીના, રાજેના તલસાટ - કવિતાના એ સહુ રસપ્રકારો સ્વામિનારાયણીય કવિતાભંડારે ભરેલા છે.'

ભગવાન સ્વામિનારાયણે કરેલા રાસોત્સવનું બ્રહ્માનંદ સ્વામીએ છંદશેખર રેણકી છંદમાં એક રાસાષ્ટક રચીને સાહિત્યમાં અનંતકાળ સુધીનો અતૂટ વિશ્વવિક્રમ સ્થાપી દીધો છે.

એક વાર નોબેલ પારિતોષિક વિજેતા કવિવર રવીન્દ્રનાથ ઠાકુરને દુલા કાગે તે સંભળાવ્યું. જાણે રાસકુંજ ખડું કરી દેતા, વીજળીના વેગે ગવાતા, ચમક-ઝમકની અદ્‌ભુત ચમત્કૃતિયુક્ત શબ્દાલંકારમાંથી વગર વાજિંત્રે ઊઠતા ઝંકારથી 'વાહ બ્રહ્માનંદ, વાહ બ્રહ્માનંદ' બોલતાં કવિવર ડોલી ગયા અને કાગ કવિને કહ્યું : 'મેં મારી જિંદગીમાં કોઈ દિવસ આવી કવિતા સાંભળી નથી. મને રાસાષ્ટક ઉતારી આપો.'

ભગવાન સ્વામિનારાયણના પરમહંસોના સાહિત્યની ગુણવત્તાથી મહાત્મા ગાંધીજી પણ આકર્ષાયેલા. તેઓના આશ્રમમાં રોજ ગવાતાં પ્રાર્થનાપદોમાં પણ સ્વામિનારાયણીય સંતોનાં પદો પસંદ કરાયેલાં. તત્ત્વની કિંમત તેમાં રહેલા સત્ત્વને લીધે હોય છે. તેવી જ રીતે સ્વામિનારાયણીય સાહિત્યની મહત્તા તેની સત્ત્વશીલતાને કારણે છે.

હતાશા-નિરાશાની થપાટોથી જીવન તૂટું તૂટું થઈ રહ્યું હોય ત્યાં તેને ટેકો દઈ સંભાળે તેવી શક્તિ આ સાહિત્યમાં છે.

મંજુકેશાનંદ સ્વામીના કાવ્ય માટે બૃહત્-કાવ્યદોહનકારનો અભિપ્રાય છે કે, 'દુઃખિયાને દુઃખ વેળા ધૈર્ય પ્રેરવામાં તેમનાં પદોની શક્તિ અજબ છે.'

ગાંધીજીના જે ત્રણ ગુરુઓ કહેવાય છે, તેમાંના એક શ્રીમદ્ રાજચંદ્રને પ્રેરણાનું પીઠબળ સ્વામિનારાયણીય સાહિત્યમાંથી પણ મળ્યું છે. તે નોંધતાં ગાંધીજી લખે છે :

*'હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,*
*જીવ્યું સફળ તવ લેખું રે;*
*મુક્તાનંદનો નાથ વિહારી રે,*
*ઓધા જીવનદોરી અમારી રે...'*

આ મુકતાનંદનું વચન તેમને (રાજચંદ્રજીને) મોઢે તો હતું જ, પણ તે તેમના હૃદયમાંયે અંકિત હતું.' આમ, સ્વામિનારાયણ સંપ્રદાયનાં શાસ્ત્રો - સાહિત્ય પણ અજોડ છે. તે જો સમજાય તો આપણા અસ્તિત્વનો કણેકણ અસ્મિતાથી ઝંકૃત થઈ જાય.

## સ્વામિનારાયણીય અસ્મિતાઃ મહાન સંતો-ભક્તો

ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં સમર્પિત થઈને

તેમના હસ્તે દીક્ષિત થયેલા ત્રણ હજાર સંતો અને લાખો ભક્તોનો પરિચય કરાવતું દસ્તાવેજી સાહિત્ય કોઈનાં પણ અંતરચક્ષુ ખોલી નાંખે તેવું છે. એ કોઈ જન્મથી સ્વામિનારાયણીય સત્સંગી કે સંત નહોતા. પરંતુ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય આધ્યાત્મિક પ્રભાવથી જીવન-પરિવર્તન પામીને તેમના અનન્ય ઉપાસક અને આરાધક બની રહ્યા હતા. ભગવાન સ્વામિનારાયણના દિવ્ય પ્રભાવથી અનેકનાં જીવનપરિવર્તન થયાં હતાં, જેમાં એમનું પુરુષોત્તમપણું પ્રકાશતું હતું. કવિવર ન્હાનાલાલ લખે છેઃ ‘જોબન વડતાલો વડતાલનો વાઘ હતો. ગેંદાલ કાછિયો વાત્રક કાંઠાનો દીપડો હતો. સોરઠના કાઠીઓ સોરઠના સાવજ હતા. આ મહિમાભક્તિએ એ વાઘ ને એ દીપડા ને એ સાવજને સંત કીધા... એ સહુનો વૈરાગ્ય ને સાધુતા ભારતના સનાતન કાષાયનેય શોભાવે એવા હતા. સૂર્ય ફરતી સૂરજમાળ ને ચન્દ્ર ફરતી નક્ષત્રમાળ છે, એવી સહજાનંદ ફરતી બ્રહ્મચર્ય ને વૈરાગ્યની સાક્ષાત્ મૂર્તિઓ સમી સંતમાળ સોહાતી. કલકત્તાના બિશપ હેબરને શ્રીજીમહારાજની સંતમંડળીનાં દર્શન નડિયાદમાં થયાં હતાં. એ સાંપ્રદાયિક મંડળના બિશપ હેબરને કોડ જાગ્યા હતા કે ‘આવું સંતમંડળ મ્હારે હોય તો!’

આમ, પરધર્મીને પણ મનમાં પહેલી ને વહેલી વસી જાય તેવી સ્વામિનારાયણીય પરમહંસોની સાધુતા હતી.

આ પરમહંસો એટલે સામર્થ્ય અને સાધુતાનો સમન્વય.

સંપ્રદાયના વરિષ્ઠ સંત ગોપાળાનંદ સ્વામી કે વ્યાપકાનંદ સ્વામી જેવા મહાન સંતોમાં મરેલાને પણ બેઠા કરવાનું સામર્થ્ય સહજ હતું. આનંદાનંદ ને સ્વયંપ્રકાશાનંદ જેવા મોટા મઠની મહંતાઈઓ મૂકી ભગવાન સ્વામિનારાયણના ભક્ત-સંત થયેલા; અદ્વૈતાનંદ જેવા સિદ્ધો તેમના પરમહંસ થયેલા, પ્રકાંડ વિદ્વાન નિત્યાનંદ ને મહાકવિ નિષ્કુળાનંદે અઢળક ધનસંપત્તિ મૂકી ભગવાન સ્વામિનારાયણનાં ભગવાં ધારણ કરી લીધેલાં.

રાજસ્થાનના એક ગઢવી-બારોટ પરિવારમાંથી આવતા મહાકવિ બ્રહ્માનંદ સ્વામીને રાજકવિ તરીકે પોતાના રાજ્યમાં માન-સન્માન સ્વીકારવા માટે ગાયકવાડ અને ભાવનગરના મહારાજાઓ સહિત અનેક રજવાડાંઓ નિમંત્રણ આપતાં હતાં. પરંતુ એ બધું છોડીને ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે અનન્ય ભક્તિથી રંગાયેલા બ્રહ્માનંદ સ્વામીએ જીવનભર ભગવાન સ્વામિનારાયણ સિવાય કોઈ રજવાડાંઓના યશોગાન ન ગાયા. તેમના જીવનમાં તો બ્રહ્મચર્યવ્રતની દૃઢતા એવી હતી કે તેમના સંબંધમાં આવનાર પશુઓ પણ નિષ્કામી બની જતા. કાંતા અને કનકના સૂત્રને તોડીને નીકળી પડનારા આવા તો કેટલાય સંતો ભગવાન સ્વામિનારાયણના ત્યાગીવૃંદમાં હતા. તેથી જ કહેવાયું છે : ‘આત્મનિષ્ઠ, નિર્ભ્રાન્ત, અનભે(અભય) પામ્યા એ સંતો ધર્મના સિંહો હતા... વૈરાગ્ય તો ગયા સવા સૈકામાં સ્વામિનારાયણના સાચા સંતવરોનો જ...’

વૈરાગ્યની ઉત્કૃષ્ટ દશાને પામ્યા છતાં આ પરમહંસો લોકસેવાના કાર્યમાં કઈ હદ સુધી પરોવાઈ જતાં તે સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના એક જીવનપ્રસંગ પરથી સમજાશે.

એક વાર ધોલેરામાં કોઈ અમલદાર આવ્યો હતો. તેણે ‘જનની જીવો રે ગોપીચંદની...’ એ કીર્તન સાંભળ્યું. સાંભળીને તેણે ગામના લોકોને કહ્યુંઃ ‘આ કીર્તનના કરનારાને મારે જોવા છે.’ ત્યારે ગામના ભક્તો તેમને મંદિરમાં લાવ્યા. તે વખતે કીર્તન બનાવનાર નિષ્કુળાનંદ સ્વામી પથરા ઘડતા હતા. તેથી રજ ઊડીઊડીને તેમના શરીર પર પડી હતી. શરીર આખું ધૂળથી ભરાઈ ગયું હતું. તેમને બતાવીને સૌએ અમલદારને કહ્યુંઃ ‘જુઓ, કીર્તન કરનારા આ બેઠા.’

અમલદાર આ વાત માની શક્યો નહીં. આવી ઉત્કૃષ્ટ પદરચના કરનાર સાધુ આવો શ્રમ પણ કરે છે! તેમણે કહ્યુંઃ ‘કીર્તન બનાવનાર આ હોય જ નહીં!’

ત્યારે નિષ્કુળાનંદ સ્વામી બોલ્યાઃ ‘મહેતા! મણી તો છે પણ રજે ભીંજાણી છે.’ આ સાંભળતાં તે સ્વામીના પગમાં પડ્યો ને તેમનો ઉપદેશ સાંભળી, વર્તમાન ધરાવીને સત્સંગી થયો.

આવા પરમહંસોથી ગુજરાતની ભૂમિ ભીંજાઈ ને અનેક

### સ્વામિનારાયણ પ્રકાશના આગામી દળદાર અંક અંગે નિવેદન

‘સ્વામિનારાયણ પ્રકાશ’નો આગામી અંક સ્વામિનારાયણ અક્ષરધામ, અમેરિકાના વિશેષાંક તરીકે પ્રકાશિત થનાર છે. આથી ઓક્ટોબર-નવેમ્બરનો આ અંક પ્રકાશિત થયા પછી આગામી અંક ડિસેમ્બર મહિનામાં પ્રકાશિત થશે, જેની નોંધ લેવા વિનંતી. અક્ષરધામના ગૌરવની અનુભૂતિ કરાવતો તેમજ અક્ષરધામ મહોત્સવની વિગતોથી ભરપૂર એ દળદાર અંક પોસ્ટ થવાને બદલે સંસ્થાના કાર્યકર્તાઓ દ્વારા આપને પહોંચાડવામાં આવશે.

ભક્તબીજ કોળી ઊઠ્યાં.

માત્ર પચીસ-ત્રીસ વર્ષના ટૂંકા ગાળામાં લાખો અનુયાયીઓ આ સંપ્રદાયમાં જોડાયા. કિશોરલાલ મશરૂવાલા લખે છે : 'આટલા ટૂંકા વખતમાં દુનિયાના કોઈ પણ ધર્મમાં આટલા શિષ્યો ભળ્યા નહોતા. કપરા નિયમોના અંકુશ હેઠળ ધર્મની સ્થાપના આટલી તીવ્રપણે કદી પણ જામી ન હતી.'

ભગવાન સ્વામિનારાયણે જ એક વાર પોતાના આ પરમહંસોની ઓળખ આપતાં કહેલું: 'એક એકથી અધિક છો તમે, એવું જાણ્યું છે જરૂર અમે...' એક એકથી અધિક એવા એ સ્વામિનારાયણીય પરમહંસો અને તે સર્વથી અધિક, તેમને તૈયાર કરનાર પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણનાં ચરણકમળમાં 'નેતિ નેતિ' એ વેદવાક્ય બોલી નમી પડ્યા સિવાય કાંઈ કરવાનું રહેતું નથી!!!

પરમહંસોની જેમ સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તોની ગાથા પણ એટલી જ સોહામણી છે, પ્રેરણાદાયી છે. લક્ષ્મણજતિના અવતાર સમા સુરાખાચર; નિદ્રાજીત દેવજી ભગત; શ્રીહરિના એક પત્રમાત્રથી સાપ કાંચળી ઉતારે એટલી સહજતાથી સંસાર છોડી ભગવાં પહેરી લેનાર અઢાર ગરાસદારો-રાજાઓ અને તેઓ સાથે સાધુ થવા નીકળી પડેલા મીંઢળબંધા કલ્યાણદાસ; સાકર ને મીઠું સમાન ભાવથી આરોગી જાય તેવા સ્થિતપ્રજ્ઞ ગોવર્ધનભાઈ; ત્રણેય અવસ્થામાં ભગવાનની મૂર્તિને અખંડ દેખે એવા પર્વતભાઈ જેવા અનેક ભક્તો આ સંપ્રદાયની અસ્મિતા રગરગમાં પ્રવર્તાવી દેવા પૂરતા છે.

જીવુબાની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પર પ્રમાણભૂતતાની મહોર મારતાં ભગવાન સ્વામિનારાયણે કહેલું : 'મોટા મોટા મુનિઓ પણ એમનો સ્વભાવ શીખવા પ્રયત્ન કરે છે, પણ તેવો સ્વભાવ આવતો નથી.'

ઉદેપુરના રાજરાણી ઝમકુબા અને વાંકિયાનાં રાજબાઈ એટલે જાણે બ્રહ્મચર્યની મૂર્તિ. તેમના મૃતદેહને પણ અગ્નિ પોતે પુરુષ હોવાના નાતે સ્પર્શી શકતો નહોતો.

કુંડળનાં રાઈમાનો દીકરો પરલોક સિધાવ્યો ત્યારે તેમણે ગામમાં સાકર વહેંચેલી અને નેનપુરના દેવજી ભગતનો એકનો એક જુવાનજોધ દીકરો દેહ મૂકી ગયો ત્યારે તેની માતા મહારાજને રસોઈ દેવા ગઢડા ચાલી નીકળેલી! 'समदु:खसुखस्वस्थ:' આવી સ્ત્રીઓનાં દૃષ્ટાંતો તો શાસ્ત્રમાંય ગોત્યાં જડે તેમ નથી.

દેવીપૂજક સગરામનાં પત્નીને પારકો રૂપાનો તોડો ધૂળથી વધુ કીમતી નહોતો મનાયો. 'समलोष्टाश्मकाञ्चन: ।' સ્થિતિ અનેક બાઈઓને શ્રીજીએ સિદ્ધ કરાવી હતી.

આમ, સ્વામિનારાયણ સંપ્રદાયનો સંત-ભક્ત સંપ્રદાય પણ લોકમાં અનેરી ભાત પાડે તેવો હતો અને છે. બાજુના ચોકઠામાં ૧૯મી સદીના બ્રિટિશ અધિકારીઓના ઉદ્‌ગારો તેની સાક્ષી પૂરે છે. તે જેટલું સમજાય તેટલી સંપ્રદાયની અસ્મિતા મહોરી ઊઠે.

## સ્વામિનારાયણીય અસ્મિતાઃ મંદિરોની ભવ્ય પરંપરા

સ્વામિનારાયણ ભગવાને જીવનકાળ દરમ્યાન છ ભવ્ય હિન્દુ મંદિરો નિર્માણ કર્યાં અને એક આગવી પરંપરાનો પ્રારંભ કર્યો. ગુજરાતી સાહિત્યના કવીશ્વર દલપતરામે સ્વામિનારાયણીય મંદિરોની વિશેષતા વર્ણવતાં લખ્યું છે :

*'બોલ્યા મુનિજન જોઈને, નવા શિલ્પ વિદ્વાન;*
*નવા પ્રભુ શિખરો નવાં, નવે નવું જ નિદાન;*
*નવા વિદ્વાન નવા પ્રભુ એહ, નવા શિખરોની નવી વિધિ તેહ;*
*થશે ચતુરાનન દેખ તલીન, નવીન નવીન નવીન નવીન.'*

આ પંક્તિઓમાં અહોભાવ કે અભિપ્રાય નથી, પણ લાખોની અનુભૂતિ કવિએ કંડારી છે.

આ સ્વામિનારાયણીય મંદિરોના સભામંડપની અજોડ વિશેષતા વર્ણવતાં કવિવર ન્હાનાલાલે કહ્યું છે : 'ઊડતા પંખીનો જ્યાં પડછાયોયે ન પડ્યો હોય તેને શાસ્ત્રમાં કુંવારિકા ભૂમિ કહી છે. એમ અમદાવાદ શહેરમાંનો સ્વામિનારાયણ મંદિરમાંનો સભામંડપ ખરે બ્રહ્મચારિણી ભૂમિ છે. આપણા દેશમાં જ્યાં જ્યાં સ્વામિનારાયણ મંદિરો છે, ત્યાં ત્યાં બધે તેવી બ્રહ્મચારિણી ભૂમિ છે.'

ન્હાનાલાલ આગળ કહે છે કે 'મંદિરમાંનાં ધૂપ, દીપ, ફૂલ, ચંદન, આરતીના સૌરભ; સભામંડપોમાં ગાજતો હરિકથા ઘોષ; મંદિરોમાંનું ભાંગ-ગાંજો-માંસ-મદિરા-તમાકુશૂન્ય વિશુદ્ધ વાતાવરણ; વણસીવ્યાં ઉત્તરીય ઓઢેલાં, સવારના સુકુમાર તડકાના રંગનાં કાષાયધારી સાધુમંડળો; સ્નાને શુદ્ધ, વસ્ત્ર-પરિધાને ને વ્યવહારમાર્ગે શુદ્ધ; મંદિરો સ્વચ્છ; ઉત્સવો સ્વચ્છ; પૂજન-દર્શન સ્વચ્છ; કથા-કીર્તનો સ્વચ્છ; આચાર-વ્યવહાર સ્વચ્છ...'

આમ, આંતર-બાહ્ય શુદ્ધિ જે આ સ્વામિનારાયણીય મંદિરોમાં છે તે અનન્ય છે. સ્વામિનારાયણીય મંદિરોનું આ દૈવત આજેય અકબંધ છે – પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં.

સ્વામિનારાયણીય મંદિરો એટલે સદ્‌પ્રવૃત્તિઓની ગંગોત્રીઓ. આ મંદિર પર ફરકતી ધર્મધજાની છાયામાં સમસ્ત સમાજ શાતા અનુભવે તેવાં સેવાકાર્યો સતત થતાં રહે તેવી ગોઠવણ ભગવાન સ્વામિનારાયણે કરી. મંદિરોમાંથી વહેતી આ સેવાસરિતા આજે પ્રમુખસ્વામી મહારાજ અને

તેમના અનુગામી મહંત સ્વામી મહારાજ દ્વારા નિર્મિત મંદિરો પણ વહાવી રહ્યા છે.

ટૂંકમાં, અધ્યાત્મ અને સમાજસેવાનો સમન્વય આ મંદિરોએ સાધી આપ્યો છે અને અંતિમ પણ ઓછી નહીં (Last but not least) એવી આ મંદિરની વિશેષતા એ કે આ મંદિરો શાંતિનાં સરનામાં સમાં છે.

આ કોઈ અતિશયોક્તિ કે કલ્પના નથી પણ ખાતરીપૂર્વકની અનુભવવાણી છે તેમ જણાવતાં ન્હાનાલાલ કહે છે : 'સંસારના અગ્નિ જ્યાં હોલવાય એ ધર્મ-મંદિર. સંસારનાં ઝેર ઉતારે નહીં એ ધર્મ નથી, ધર્મમંદિર નથી... અધૂરો હોય તો વાચક એક અનુભવ કરી જોજો, મુંબઈ કે અમદાવાદ જેવી પ્રવૃત્તિપરાયણ નગરીમાંયે ક્યારેક જઈને સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરની ઘુમ્મટઘટા નીચે બેસી આવજો અને ત્યાં તમને લાગે કે અંતરિક્ષમાંથી શીતળતાનાં બુંદ વરસે છે, આત્મા ઠરે છે, અંતરને ટાઢક વળે છે, ઉરના અને અંગના અગ્નિ શાંત પડે છે... ટૂંકમાં, દેહમાં ને ચેતનમાં ઝીણાં ઝીણાં અતિ ઝીણાં અમીઝરણાં પ્રગટે છે, તો જ એ સંપ્રદાયને અનુભવથી ધર્મમાર્ગ માનજો....'

જે શાળામાં જવાથી શિક્ષણ મળે તે જાગતી શાળા કહેવાય. જે હૉસ્પિટલમાં જવાથી સ્વાસ્થ્ય મળે તે જાગતી હૉસ્પિટલ કહેવાય. તેમ જે મંદિરમાં જવાથી શાંતિ મળે તે જાગતું મંદિર કહેવાય. આવાં જાગતાં મંદિરોના સર્જનાર ભગવાન સ્વામિનારાયણ હતા.

આજે આ મંદિરપરંપરા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અને મહંત સ્વામી મહારાજ દ્વારા જીવંત છે.

લંડનમાં સ્થાનિક બસ ડ્રાઈવર જહોન બેટ્સે બી.એ.પી.એસ. મંદિર જોઈ કહ્યું કે, 'મારા માટે તો આ મંદિર શાંતિનું પ્રતીક છે. જોકે નોર્થ સરક્યુલર રોડ પર ભારે ગતિથી પસાર થતાં વાહનોનો અવાજ થોડો સંભળાય છે છતાં જ્યારે મંદિર સામે જોઉં છું ત્યારે મને આત્મિક અને વૈશ્વિક શાંતિનો અનુભવ થાય છે.' આવી જ લાગણી સાથે 'ઇન્ડિપેન્ડન્ટ'ના મુખ્ય સંવાદદાતાએ લખ્યું હતું કે, 'અત્યારે દુનિયામાં કોઈપણ એવો લડાઈ-ઝઘડો નથી કે જેમાં ધર્મ કારણભૂત ન હોય! નીસડન મંદિરની મુખ્ય વિશેષતા એ છે કે અહીં ક્યાંય હિંસક ધર્મઝનૂન જોવા નહીં મળે, પણ શાંતભક્તિ છલકે છે.'

લંડનના એક મુસ્લિમ ટેક્સી ડ્રાઈવરને પણ આવી શાંતિનો અનુભવ થયો. એક વાર તેણે માત્ર પાંચ મિનિટમાં પ્રવાસીઓને બી.એ.પી.એસ. મંદિરે પહોંચાડીને સૌને આશ્ચર્યચકિત કરી દીધાં. તેને પૂછવામાં આવ્યું કે, 'મંદિરના રસ્તાનો તે આવો ભોમિયો ક્યાંથી ?' તો જવાબ મળ્યો : 'હું મુસ્લિમ છું છતાં હું દરરોજ મારા દિવસની શરૂઆત અહીંથી કરું છું. મંદિરનાં દર્શન કરતાં મને ખૂબ શાંતિનો અનુભવ થાય છે.'

વિદેશમાં વિવેકાનંદ સ્વામીએ પ્રવચનો દ્વારા હિન્દુ ધર્મનો ઉદ્‌ઘોષ કર્યો હતો, પરંતુ સ્વામીશ્રીએ હજારો વર્ષો સુધી ટકે તેવાં મંદિરો કરી વિદેશમાં હિન્દુધર્મની શાશ્વત પ્રતિષ્ઠા કરી દીધી છે.

'ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ'માં સ્થાન પામે તેવાં ભવ્ય અને વિશાળ મંદિરો, સ્મારકો દેશ-વિદેશમાં તૈયાર કરી પ્રમુખસ્વામી મહારાજે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીનું મસ્તક ગૌરવથી ઉન્નત બનાવી દીધું છે. બાજુના ચોકઠામાં આપેલા થોડાક અભિપ્રાયો સ્વામીશ્રીએ બાંધેલાં મંદિરોની વિદેશીઓ પર પડેલી એક આભા દર્શાવે છે, જે આપણાં હૈયે અસ્મિતા પ્રગટાવી રહી છે.

દિલ્હીના અક્ષરધામને ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝે વિશ્વના સૌથી મોટા હિન્દુ મંદિર તરીકે બિરદાવ્યું છે. વિશ્વભરમાં ૧૨૦૦થી વધુ હિન્દુ મંદિરો રચનાર પ્રમુખસ્વામી મહારાજને 'માસ્ટર બિલ્ડર'નું બિરુદ મળ્યું છે. સંસ્કૃતિના સંસ્કારોને ખોઈ બેઠેલા કૈંકને આ મંદિરોએ સંસ્કૃતિની અસ્મિતાથી સભર કર્યા છે.

તાજેતરમાં અમેરિકાની ધરતી પર પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે મહંત સ્વામી મહારાજની નિશ્રામાં રચાયેલું સ્વામિનારાયણ અક્ષરધામ વિશ્વના ગગનમાં સનાતન હિન્દુ ધર્મનો ડંકો મારી રહ્યું છે. ઉદ્‌ઘાટન પહેલાં જ આ મહામંદિરની મુલાકાતે આવનારા દેશ-વિદેશના અનેક મહાનુભાવોએ દૃઢ વિશ્વાસ સાથે ઉચ્ચાર્યું છે કે ટૂંક સમયમાં જ તેની પ્રસિદ્ધિ વિશ્વની એક અનોખી અજાયબી તરીકે થઈ જશે. પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધમાં સનાતન હિન્દુ ધર્મની ગૌરવધજા ફરકાવતું આ મહામંદિર, સનાતન હિન્દુ ધર્મની સેવામાં પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાનું અનન્ય પ્રદાન બની રહેશે.

આવી ભવ્ય મંદિરપરંપરા બીજે જવલ્લે જ જોવા મળે એમ છે, તે આપણને મળી છે. આ સમજાય તો સંપ્રદાયની અસ્મિતાનો સંચાર પ્રકાશની ઝડપે આપણામાં થઈ જાય.

સ્વામિનારાયણીય અસ્મિતાના આ અમૃત કળશના ધારક લાખો હરિભક્તો અને હજારો સંતો પેઢી દર પેઢી તેનું વહન કરતા રહ્યા છે અને સનાતન હિન્દુ ધર્મની તેમજ વિરાટ જનસમુદાયની સેવા કરતા રહ્યા છે. આપણે પણ એ અમૃત કળશનું આચમન કરીને ધન્ય થતા રહીએ... ◆

અમેરિકાની ધરતી પર બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા રચાયેલ

# સ્વામિનારાયણ અક્ષરધામ

## નવદિવસીય ઉદ્‌ઘાટન સમારોહનું પ્રસારણ માણો

### અક્ષરધામ પ્રતિષ્ઠા મહોત્સવ : તા. ૧ થી ૭ ઓક્ટોબર, ૨૦૨૩ (હાઇલાઇટ્‌સ)

**આસ્થા ભજન (ભારત)**
સમય : સાંજે ૭:૩૦ થી ૮:૩૦ IST

**આસ્થા ગુજરાતી (ભારત)**
સમય : રાત્રે ૯:૦૦ થી ૧૦:૦૦ IST

**'ગુજરાત ફર્સ્ટ' ન્યૂઝ ચેનલ**
સમય : રાત્રે ૯:૦૦ થી ૧૦:૦૦ IST

**બી.એ.પી.એસ. દ્વારા વેબકાસ્ટિંગ**
સમય : રાત્રે ૯:૦૦ થી ૧૦:૦૦ IST
live.baps.org

**યુ.એસ.એ. ખાતે બી.એ.પી.એસ. વેબકાસ્ટિંગ દ્વારા જીવંત પ્રસારણ**
સમય : સાંજે ૫:૦૦ થી ૮:૦૦ ET (તા. ૩૦ સપ્ટેમ્બર થી તા. ૭ ઓક્ટોબર, દરરોજ)
usa.akshardham.org • live.baps.org

### અક્ષરધામ પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ : તા. ૮ ઓક્ટોબર, ૨૦૨૩ (જીવંત પ્રસારણ)

**આસ્થા ટી.વી. (ભારત)**
સમય : સાંજે ૬:૦૦ થી ૯:૩૦ IST

**આસ્થા ભજન (યુ.એસ.એ.)**
સમય : સવારે ૮:૩૦ થી ૧૨:૦૦ ET

**આસ્થા ટી.વી. (યુ.કે. - યુરોપ)**
સમય : બપોરે ૧:૩૦ થી ૫:૦૦ BST

**આસ્થા ગુજરાતી (ભારત)**
સમય : સાંજે ૬:૦૦ થી ૯:૩૦ IST

**બી.એ.પી.એસ. વેબકાસ્ટિંગ (યુ.એસ.એ.)**
સમય : સવારે ૮:૩૦ થી ૧૨:૦૦ ET
usa.akshardham.org

**બી.એ.પી.એસ. વેબકાસ્ટિંગ (ભારત)**
સમય : સાંજે ૬:૦૦ થી ૯:૩૦ IST
live.baps.org

### અક્ષરધામ લોકાર્પણ સમારોહ : તા. ૮ ઓક્ટોબર, ૨૦૨૩ (જીવંત પ્રસારણ)

**આસ્થા ભજન (યુ.એસ.એ.)**
સમય : સાંજે ૪:૪૫ થી ૮:૩૦ ET

**બી.એ.પી.એસ. વેબકાસ્ટિંગ (યુ.એસ.એ.)**
સમય : સાંજે ૪:૪૫ થી ૮:૩૦ ET
usa.akshardham.org

### અક્ષરધામ લોકાર્પણ સમારોહ : તા. ૯ ઓક્ટોબર, ૨૦૨૩ (પુનઃ પ્રસારણ)

**આસ્થા ગુજરાતી (ભારત)**
સમય : રાત્રે ૮:૦૦ થી ૧૦:૩૦ IST

**'ગુજરાત ફર્સ્ટ' ન્યૂઝ ચેનલ**
સમય : રાત્રે ૮:૦૦ થી ૧૧:૦૦ IST

**આસ્થા ટી.વી. (ભારત)**
સમય : રાત્રે ૧૦:૦૦ થી ૧૨:૩૦ IST

**બી.એ.પી.એસ. વેબકાસ્ટિંગ (ભારત)**
સમય : રાત્રે ૮:૦૦ થી ૧૧:૦૦ IST
live.baps.org

**આસ્થા ટી.વી. (યુ.કે. - યુરોપ)**
સમય : રાત્રે ૧૦:૦૦ થી ૧૨:૩૦ BST

ઉપરોક્ત કાર્યક્રમો ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલના OTT INDIA પ્લેટફોર્મ પર પણ માણો...

Swaminarayan Prakash Gujarati, October-November-2023, Published on 1-10-2023. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.







## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ભરૂચ અને અંકલેશ્વર શહેર તેમજ કાંઠા વિસ્તારનાં ગામોમાં પૂર રાહતકાર્ય

તાજેતરમાં સરદાર સરોવર ડેમમાંથી ૧૮ લાખ ક્યૂસેક પાણી તાત્કાલિક ધોરણે છોડવામાં આવતાં ભરૂચ અને અંકલેશ્વર શહેર તેમજ કાંઠા વિસ્તારનાં ગામોમાં નર્મદાનાં પૂર ફરી વળતાં તારાજી સર્જાઈ હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી, ભરૂચ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સંતો અને સ્વયંસેવકોએ તાત્કાલિક ધોરણે ૨૦,૦૦૦થી વધારે પૌષ્ટિક ફૂડપેકેટ્સ, ૧૦,૦૦૦થી વધારે અસરગ્રસ્તો માટે ગરમાગરમ ભોજન ઉપરાંત હજારો રાશનકીટ તૈયાર કરીને શુક્લતીર્થ, મંગલેશ્વર, નિકોરા, કડોદરા અને બેટ વિસ્તાર તથા અંકલેશ્વર વિસ્તારના હાસોંટ રોડ પરની અનેક સોસાયટી તેમજ દીવા, દીવી, છાપરા, બોરભાઠા વગેરે ગામોમાં વિતરણ કર્યું હતું. સાથે સાથે પશુઓ માટે ઘાસચારાનું અને જરૂરિયાતમંદ લોકો માટે વસ્ત્રવિતરણનું કાર્ય પણ સંસ્થા દ્વારા કરાયું હતું. સંતો અને સ્વયંસેવકોએ ચાર દિવસ સુધી અપાર પરિશ્રમ કરીને, પૂરનો કાદવ ખૂંદીને, કેડ સમાં પાણીમાં ચાલીને તેમજ નાવ દ્વારા બેટ વિસ્તારનાં અસરગ્રસ્ત ગામોના લોકો સુધી પહોંચીને સેવાનું ઉમદા કાર્ય કર્યું હતું. સંસ્થાના સંતો-સેવકોની આ નિઃસ્વાર્થ સેવાથી રાહત પામેલા હજારો અસરગ્રસ્તોએ હૃદયપૂર્વક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas